કિંમત ૨૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૭૩ ● ડિસેમ્બર-૨૦૨૧



પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧




નૂતન વર્ષ અન્નકૂટ દર્શન



દિવાળી ચોપડા પૂજન

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ




# પર્વ



૨૭ ફેબ્રુઆરી થી ૫ માર્ચ ૨૦૨૨

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ



પર્વ



૨૭ ફેબ્રુઆરી થી ૫ માર્ચ ૨૦૨૨


શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧

# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**




**વર્ષ - ૧૫ (મૂળ વર્ષ ૫૫) ● અંક : ૧૭૩ ● ડિસેમ્બર-૨૦૨૧**



**સંસ્થાપક**

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**તંત્રી શ્રી**

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

**એડ્રેસમાં ફેરફાર કરવા**

E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

## અ નુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૬ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૭ |
| ૦૩. | બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવ કાંકરિયા | ૦૮ |
| ૦૪. | પર્વની સાથે સાથે | ૧૧ |
| ૦૫. | શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચન - ટૂંકસાર | ૧૩ |
| ૦૬. | મહેસાણા | ૧૬ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૦૮. | ભક્તિસુધા | ૧૯ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૨૩ |

# અસ્મદીયમ્

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૨૦૦ મો પાટોત્સવ ''પર્વ'' મહા મહોત્સવ આપણી સમક્ષ નજીકના સમયમાં આવી રહ્યો છે. સમસ્ત સત્સંગને આ મહામહોત્સવ ઉજવવાની ખૂબજ હોંશ અને ખૂબજ તાલાવેલી છે. ગામો ગામ કે શહેરો શહેરમાં સમયની અનુકુળતા પ્રમાણે આપણા સંતો ઉત્સવ અર્થે કદાચ ન પહોંચી શકે તો આપણો જ ઉત્સવ માની આપના સંકલ્પ પ્રમાણેની આપની સેવા આપ મોકલી શકો છો. ઉત્સવના સમગ્ર આયોજન, સ્થળ, કાર્યક્રમો વગેરેની માહિતી આપણા આ સામાયિક દ્વારા આપને જાણ કરવામાં આવશે. દેશ વિદેશના સર્વે હરિભક્તો આપ સૌ સહ પરિવાર આપણા જીવનમાં આવેલા આ 'પર્વ' મહોત્સવ ને માણવાનું દર્શન કરવાનું ચૂકતા નહીં. એજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**

**''પર્વ''માં સેવા યજમાન**
**મહાવિષ્ણુ યાગના પાટલા**


૨,૫૧,૦૦૦ /- (ઋગ્વેદ વિભાગ)
૧,૫૧,૦૦૦ /- (સામવેદ વિભાગ)
૧,૦૦,૦૦૦ /- (યજુરવેદ વિભાગ)
૫૧,૦૦૦ /- (અથર્વવેદ વિભાગ)

**સમૂહ મહાપૂજા**

૨૫,૦૦૦ /- (પ્રથમ આવરણ)
૧૧,૦૦૦ /- (દ્વિતીય આવરણ)

**સંહિતાપાઠ**

૧,૨૫,૦૦૦ /-



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ઓક્ટોબર-૨૦૨૧)

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ઓક્ટોબર-૨૦૨૧)**

૧૫ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૯ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પોતાની શુભ નિશ્રામાં સંત-હરિભક્તોની શુભ ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

**(નવેમ્બર-૨૦૨૧)**

૩ અસારવા અને કાલુપુર શ્રી હનુમાનજીનું પૂજન આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ

૫ નૂતન વર્ષના પરમકૃપાળુ શ્રી નરનારાયણાદિ દેવોની અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા. પોતાની બેઠકમાં સૌને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો.

૧૬ શ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક કરવા પધાર્યા.

૧૫ ૪૯ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંત-હરિભક્તોની શુભ ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

**(નવેમ્બર-૨૦૨૧)**

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી હનુમાનજીનું પૂજન આરતી પોતાના વરદ્ હસ્તે થઈ.

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પ્રસાદીના સભા મંડપમાં સમૂહ ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૫ નૂતન વર્ષના પરમકૃપાળુ શ્રી નરનારાયણાદિ દેવોની અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા. પોતાની બેઠકમાં સૌને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા (રામબાગ) બાલસ્વરૂપ કષ્ટભંજનદેવના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨ જેતલપુર મંદિર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શનાર્થે પધરામણી.





www.swaminarayan.in



# બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવ કાંકરિયા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિરમાં સ્વહસ્તે બાથમાં લઈને પોતાનું જ સ્વરૂપ એવા શ્રી નરનારાયણ ભગવાનના યુગલ સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠા કરી તે શુભ મંગલ દિવસે શ્રીનગર (અમદાવાદ) શહેરના ચોર્યાશી જ્ઞાતિઓમાના કેટલાક મુખ્ય મુખ્ય બ્રાહ્મણોને બોલાવીને શ્રીહરિએ કહ્યું કે, હે ભૂદેવો ! શ્રીનગર શહેરમાં નિવાસ કરીને રહેલા સર્વ બ્રાહ્મણોને જમાડવાની અમારી ખૂબ જ ઈચ્છા છે. તેથી તમારે સૌએ આજથી પરમ દિવસે એટલે કે ફાગણ સુદી પાંચમના દિવસે જરૂરથી ચોર્યાશી જ્ઞાતિના સર્વ ભૂદેવોએ જમવા પધારવું. ત્યારે ભૂદેવો શ્રીહરિ પ્રત્યે બોલ્યા કે, આ નગરના બ્રાહ્મણોની ચોરાશી જ્ઞાતિઓ છે. તે સર્વને એક દિવસ ભોજન કરાવવાનું હોય તે આટલા અલ્પ સમયમાં કાર્ય સફળ થાય તેમ નથી. તેના માટે સીધા-સામાનની પૂર્વ તૈયારીઓ કરવામાં બહુ સમય થાય તેમ છે. ત્યારે શ્રીહરિ કહે, હે ભૂદેવો ! તમો બધા જમવાની અનુમતિ આપો. ભોજન સામગ્રીની તમો ચિંતા કરશો નહી. ધર્મપુત્ર શ્રીહરિનું અમૃત તુલ્ય વચન સાંભળીને સર્વ બ્રહ્મસમાજ બોલ્યા કે, જો તેમ હોય તો અમે અવશ્ય જમવા આવશું. આમ કહી સર્વે ભૂદેવો પોતાના ઘેર જઈ પોતપોતાની જ્ઞાતિઓના બ્રહ્મસમાજને ભેગા કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાનના વચન કહી સંભળાવ્યા. ત્યારે સારોય બ્રહ્મ સમાજ ખૂબ જ રાજી થયો. તેઓએ ઘેર ઘેર જઈને જમવાનું નોતરું દીધું.

શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને તથા લાલદાસ ગોરા બેચરદાસ, હિરાચંદ ચોકસી, મુળજી, લાધાજી, નથુ ભટ્ટ, વિગેરે મુખ્ય હરિભક્તોને બોલાવીને વેપારીઓ પાસે જઈ ભાવતાલ નક્કી કરી ઘઉં, ચોખા, ઘી, ગોળ, સાકર, શાકભાજી, વાસણો વિગેરે સીધા-સામાન એકત્ર કરવા આજ્ઞા આપી. હરિભક્તોએ શ્રીહરિની આજ્ઞાથી ઘઉં-ચોખા-ઘી આદિ સામગ્રીઓ તત્કાળ મંદિરમાં લાવીને ઢગલા કર્યા. ત્યાં ગંગામા, રેવાબાઈ વિગેરે અનેક બાઈઓએ તત્કાળ ઘઉં આદિક વીણીને સાફ સફાઈ કરી ઘઉંને દળીને લોટ કર્યો. તથા તેજ દિવસે મહાનુભાવાનંદ સ્વામીને આજ્ઞા કરી કે કાંકરિયા સરોવરના કિનારે એક મોટો મંડપ તૈયાર કરો. તેમાં બધી વસ્તુઓ લાવીને ભેગી કરી. તે સમયે શ્રીનગર શહેરમાં પાંત્રીશ હજાર બ્રહ્મસમાજની જનસંખ્યાને તથા સંતો-હરિભક્તોને ધ્યાનમાં રાખીને લોટ-ગોળ-દાળ-ચોખા-ચણા-મગ-મરી-મસાલા-શાકભાજીના મોટા મોટા ગંજ ખડકાઈ ગયા.

ફાગણ સુદી ચોથના દિવસે બ્રહ્મસમાજના રસોઈયાઓ રસોઈ કરવા પોતપોતાની જ્ઞાતિઓની કુળ પરંપરાના રીત-રિવાજ મુજબ મોઢ બ્રહ્મસમાજ આદિ અલગ અલગ રસોડા બનાવવા ચૂલાઓ પાડવા લાગ્યા. તે તે જ્ઞાતિના જન સંખ્યા મુજબ તેઓને વાસણો સંતોએ આપ્યા. તે વખતે ઘી-ગોળ સાકરના ઢગલા જોઈ જોઈને ભૂદેવોને મોઢામાં પાણી આવવા લાગ્યું અને પરસ્પર વાતો કરવા લાગ્યા કે સ્વામિનારાયણ કોઈ રિધ્ધિ-સિધ્ધિવાળા કાં ચમત્કારી દૈવી શક્તિવાળા દિવ્ય પુરુષ છે. તે વિના આ ધન-ધાન્ય ભેગું કરવું શક્ય નથી. કોઈ ચક્રવર્તી રાજાથી પણ ન થાય તેવું કાર્ય કર્યું છે. સદ્દગુરુ આનંદાનંદ સ્વામી વ્યવહાર કુશળ બહુ જ હતા. તેથી રસોઈયા ભૂદેવોને માટે પ્રથમ રસોઈ બનાવી જમાડી પછી રસોઈ બનાવવાનો પ્રારંભ કરાવ્યો. પછી શ્રીહરિએ

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીને કેટલાક બ્રાહ્મણોના રસોડાના અધ્યક્ષ કર્યા. તેમને સીધું સામાનના વિતરણ-ફાળવણીની જવાબદારી સોંપી. રસોઈઆ ભૂદેવોએ પોતપોતાની જ્ઞાતિઓના રસોડામાં લાડુ વિગેરે બનાવવાની શરૂઆત કરી દીધી. ચોથની રાત્રે ચોરાશી પ્રકારના રસોડામાં જાત જાતની ભોજન સામગ્રીઓ બનવા લાગી. આંબલીઓના વૃક્ષની ઘટાઓ નીચે હરિભક્તોના ઉતારા હતા. કાંકરિયા તળાવના દક્ષિણબાજુ નૈઋત્ય ખૂણામાં મોટાભાઈ રામપ્રતાપભાઈનો ઉતારો હતો. રાત્રિના સમયે શ્રીહરિ માટે સુવાસીની ભાભીએ બનાવેલી રસોઈ-થાળ જમવા પધાર્યા. તેમજ મોટાભાઈના ઉતારાની આગળ એક ત્રણ હાથ ઉંચો મંચ સંતોએ બનાવ્યો હતો ત્યાં મહારાજે રાત્રિ વિશ્રામ કર્યો.

કાંકરિયા સરોવરની ચારે બાજુનો કિનારો બ્રાહ્મણ-સાધુ-હરિભક્તોથી ભરાઈ ગયો. ત્યાં આવેલા દેશ-દેશાંતરના હરિભક્તોના સંઘવાળાને સીધું અપાવી સૌ-સૌની રસોઈ બનાવતા હતા. ફાગણ સુદી પાંચમના મધ્યાહ્ન કાળે પૂર્વ નિયોજીત બધી જ્ઞાતિઓની પાકશાળામાં શેર શેર ઘીના લચપચતા લાડુ-પુરી-શાક-દાળ-ભાત-ભજીયા-કઠોળ-પાપડ વિગેરે રસોઈ તૈયાર થઈ ગઈ. પછી અપરાહન સમય બપોર પછીના સમયે ચોર્યાશી જ્ઞાતિઓના આબાલ-વૃધ્ધ-સ્ત્રી-પુરુષો સમસ્ત ભોજન કરવા આવ્યા. ત્યારે તો માનવ મહેરામણ જાણે કુંભમેળો ભરાયો હોય તેવું દેખાવા લાગ્યું. સૌ સૌની જ્ઞાતિની પાકશાળામાં બધા સ્ત્રી-પુરુષોની પંગત પડી. શ્રીહરિ ત્યાં પધાર્યા. બ્રહ્મભોજનની પંક્તિના દર્શન-વંદન કરવા લાગ્યા. પૂર્વે જેમ અમૃતપાનને અર્થે દેવોની પંગત થઈ હતી. તેમાં ભગવાન વિષ્ણુ પંક્તિમાં ફર્યા તેમ જ ત્યાં જમવા બેઠેલા બ્રાહ્મણોની પંક્તિમાં શ્રીહરિ ફર્યા. સર્વે વાનગી પીરસાઈ જાણી. જય જય હર હર મહાદેવ એમ ત્રિપુંડ્રધારીઓ તથા ઉર્ધ્વપુંડ્રધારી જય નમો ભગવતે વાસુદેવાય, શ્રી નરનારાયણ ભગવાનની જય સ્વામિનારાયણ ભગવાનની જય. આમ જયઘોષ કરીને જમવાની આજ્ઞા આપી. પછી શ્રીહરિએ માણકી ઘોડી પર બેસીને બધાજ ભૂદેવોની પંક્તિની પરિક્રમા કરી.

પછી શ્રીહરિ મોટાભાઈ રામપ્રતાપજી મહારાજના ઉતારાની આગળ બનાવેલ ત્રણ હાથ ઉંચા મંચ પર આવીને બિરાજમાન થયા. ત્યારે મહાપ્રભુએ શ્વેત પાઘ સહિત શ્વેત વસ્ત્રો, સોનેરી તારથી ગૂંથેલા ધારણ કર્યા હતા. તે સમયે ભોજન પ્રસાદ લઈને તૃપ્ત થયેલા ચોરાશી જ્ઞાતિના ભૂદેવો એક પછી એક શ્રીહરિ પાસે આવે છે. તે સર્વેને ખોબા ભરી ભરીને રૂપા (ચાંદી)ની મુદ્રાઓ દાનમાં આપે છે. નજર ન પહોંચે તેટલી લાંબી લાઈનમાં આવતા ભૂદેવો તો રાજી રાજી થતા. ''સ્વામિનારાયણ સ્વામિનારાયણ'' બોલતા બોલતા પોતાના ઘર પ્રત્યે જતા હતા. જે પાત્રમાં રૂપા મુદ્રા લાવ્યા હતા તેમાંથી પાંત્રીશ હજાર બ્રહ્મદેવોને અગણીત મુદ્રાઓ આપી. પરંતુ તે પાત્રમાં તો જરા પણ ઓછી થવા પામી ન હતી.

પછી ત્યાં દેશદેશાંતરથી મૂર્તિ પ્રતિષ્ઠામાં આવેલા સંઘના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરવાની ઈચ્છા વ્યક્ત કરી. હરિભક્તો પૂજન કરવા વારાફરતી આવતા અને વિદાય લઈ પોતપોતાના નગર પ્રત્યે રજા લઈને જતા હતા. ઘણા સમયથી અષ્ટસિધ્ધિ-નવનિધિ શ્રીહરિની સેવાની પ્રાર્થના કરતી હતી. તેમને સેવાનો લ્હાવો આપીને શહેર ચોર્યાશી રૂપ ભવ્ય સમૈયો કર્યો. ભૂદેવોને જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી ઉછી ઉધારે લઈને વેપારી પાસે જે સીધા-સામાન લાવ્યા હતા તેને તેને ચૂકવણું કર્યું. તો પણ ધન ખૂટ્યું નહિ. પછી અતિ પ્રવૃતિથી શ્રીહરિ ઉદાસ થઈ ગયા તેની નિવૃત્તિના અર્થે એકલા એકાન્તમાં જેતલપુર થઈને ગણેશ ધોળકાની રાણમાં ત્રણ દિવસ રહીને નિજ સ્વરૂપનું ચિંતન કર્યું. એવી લીલા શ્રીહરિની થઈ.

કાંકરિયાની દક્ષિણપાળે રામપ્રતાપભાઈનો ઉતારો હતો. તેની આગળ બનાવેલ મંચ ઉપર વિરાજમાન થઈને ખોબા ભરીને ભૂદેવોને દક્ષિણા આપી તથા રાત્રિ નિવાસ કર્યો હતો. તે અતિ પાવન પ્રસાદીની ભૂમિ શ્રીહરિના ઐશ્વર્ય સંપન્ન ચરણરજની પવિત્રતા યુગોના યુગો સુધી સચવાઈ રહે તેવા હેતુથી આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે તે પ્રસાદીના સ્થળે ઓટો છત્રી બનાવી. તેમાં શાસ્ત્રો પુરાણોક્ત પૂજાવિધિ સહિત વિદ્વાન બ્રાહ્મણોને તેડાવી કુંડ કરાવી તેમાં પાંચ દિવસ હોમ હવન પૂજન અર્ચન કરાવી કષ્ટભંજનદેવની પ્રતિમા લાવીને સ્વહસ્તે બાલ સ્વરૂપ જે

બટુકવેશ ધારણ કરીને વનવિચરણમાં નિલકંઠવર્ણી સર્વ પ્રથમ રાત્રિ વડલા નીચે નિવાસ કર્યો ત્યારે તે વડમાં હજારો ભૂત-પ્રેત રહેતા હતા. તેઓએ પરબ્રહ્મ પરમાત્માને પોતાનો ખોરાક આવ્યો જાણીને શ્રીનિલકંઠવર્ણીને ડરાવવા લાગ્યા. પછી કુલદેવ હનુમાનજીને યાદ કર્યા. ત્યારે કષ્ટભંજનદેવ તત્કાળ ત્યાં પધાર્યા.

**વળતો ત્યાં એક દીઠો વડ,**
**પોતે બેઠા જઈ તેને થડ ।**
**કર્યા નારાયણ વર્મ જાપ,**
**પછી સમર્યા હનુમાન આપ ॥**
**ત્યારે બટુવેશે બળવંત,**
**આવી બેઠા વડે હનુમંત ।**
**કર્યો કપિતણો કિલકાર,**
**સુણી ભાગીયા ભૂત અપાર ॥**
**કરી સંધ્યાને ઓટલે બેઠા,**
**લાવ્યા હનુમંત ફળ મીઠા ।**
**હવે જ્યારે સંભારુ તમને,**
**ત્યારે સહાય કરજો અમને ॥**
**ત્યારે હસી બોલ્યા હનુમાન,**
**ધન્ય સમર્થ શ્રી ભગવાન ।**
**તમે કાળ તણા મહાકાળ,**
**તેની હું શું કરું રખવાળ ॥**
**પણ સંભારશો સ્વામી તમે,**
**થાશે સહાય તે કરશું અમે ॥**

(ભક્ત ચિંતામણી પ્રકરણ-૨૮)

પ્રાણ પ્રતિષ્ઠા કરતી વેળાએ અયોધ્યાપ્રસાદજીએ કહ્યું કે, જે બટુ રૂપે અમારા પિતા સ્વામિનારાયણ ભગવાનની સેવા કરી તે બટુવેશધારી બાલસ્વરૂપ કષ્ટભંજન દેવ આ મૂર્તિમા રહીને અમારા સત્સંગ-સત્સંગીઓની સેવા-સહાય કરજો. આમ કહેતા કષ્ટભંજનદેવના અંગ ઉપાંગ પૂંછ આદિમાં હલન-ચલન થવા લાગ્યું અને જે જે હોમ હવન પૂજન નૈવેદ્ય કરવામાં આવ્યું તેને શ્રીહરિની પ્રસાદી જાણીને અંગીકાર કર્યું. વિ.સં. ૧૮૯૨ કારતક સુદી પાંચમના દિવસે પ્રાણ પ્રતિષ્ઠા કરીને મોટો સમૈયો કર્યો. તેમાં હજારો ભૂદેવોને જમાડી તૃપ્ત કર્યા. શ્રી સ્વામિનારાયણ મંદિર - કાંકરિયા, રામબાગ પગલા મંદિરમાં બિરાજમાન બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવના પરચા નિત્ય હજારો હજાર લખાય છે. આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના વચનથી બિરાજમાન હનુમાનજી સત્સંગ - સત્સંગીઓનું રક્ષણ કરે છે. જે કોઈ માણસ શ્રધ્ધા સહિત લાભ પાંચમના દિવસથી વર્ષમાં એકવાર દર્શન કરે તેના સર્વ કષ્ટ દુઃખ, દારિદ્ર, ચિંતા, શોક, ભંજન કરીને શ્રીહરિની ભક્તિ કરવાની શક્તિ આપે છે. શ્રી નરનારાયણદેવની સ્થાપના થયા પછી ૧૪ વર્ષ બાદ કષ્ટભંજનદેવ પધરાવ્યા હતા.

અયોધ્યામાં હનુમાનગઢીએ બિરાજમાન શ્રી હનુમાનજી બાલસ્વરૂપ ધર્મકુળના કુળદેવ છે.

### સંસ્કૃત કોલેજમાં "શિક્ષાપત્રી ભાષ્ય" પાઠ્ય ક્રમમાં દાખલ

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલી ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રીને સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ પુરાણો - ઉપનિષદ - શ્રુતિ - સ્મૃતિ - દર્શન જેવા ત્રણસો પચાસ ગ્રંથોના પ્રમાણોનું સંકલન કરીને શિક્ષાપત્રી ભાષ્ય લખેલું છે. જે વર્તમાન સમયમાં વિશ્વના ૮૦ જેટલા દેશોમાં હરિભક્તોના ઘેર ઘેર નિત્ય પઠન - પાઠન થાય છે તથા અસંખ્ય સ્નાતક વિદ્યાર્થીઓએ તેમાં માસ્ટર પદવી મેળવી છે અને તે વિષે સંશોધન પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યા છે.

સર્વ સત્સંગીઓને જણાવતા આનંદ થાય છે કે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુરધામના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી અને મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના પ્રયત્નોથી વિશ્વમાં સંસ્કૃત ભાષાની સૌથી મોટી સંસ્થા શ્રી સમ્પૂર્ણાનન્દ વિશ્વવિદ્યાલય - વારાસણી (કાશી) ના પૂર્વમીમાંસા વિભાગ અને ધર્મશાસ્ત્ર વિભાગ વિષયોમાં બેચલર - શાસ્ત્રી અભ્યાસ કરતા વિદ્યાર્થીના અભ્યાસ ક્રમમાં શિક્ષાપત્રી ભાષ્ય મૂળ સંસ્કૃતમાં અભ્યાસ કરતા તથા સંશોધન કરવાની અધ્યયન બોર્ડ - સંકાય બોર્ડ તથા વિદ્યા પરિષદમાં સર્વાનુમતે મંજૂરી મળેલ છે.

# પર્વ ની સાથે સાથે

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

શ્રીજી મહારાજ એકવાર દદૂકાથી મછીયાવ જઈ રહ્યા હતા. ચૈત્રમાસની ધોમધખતી બપોર. સાથે કેટલાક કાઠી દરબારો પણ હતા. શ્રીજી મહારાજને તરસ લાગી. જોયું તો દૂર એક ખેતરમાં ખેડૂત પાણી પાઈ રહ્યો હતો. મહારાજે માણકી ઘોડી એ ખેતર તરફ વાળી. જઈને ખેડૂતને કહ્યું. ''પટેલ પાણી પાશો ?'' ખેડૂત તો મહારાજને જોઈને આભો જ બની ગયો. તરત જ પગે લાગ્યો. અને બોલ્યો, ''હા મહારાજ, આજે જ આ બે નવાં માટલાં પાણીથી ભર્યા છે, લો ધરાઈને પાણી પીવો. મહારાજે ખોબલે ખોબલે પાણી પીધું. સાથે કાઠી ભક્તોએ પણ ધરાઈને ટાઢું પાણી પીધું. બધા તૃપ્ત થયાં. શરીરમાં ટાઢક આવી. શ્રીહરિ ખેડૂતને કહેવા લાગ્યા. પટેલ ! આજે અમે ખૂબ તૃપ્ત થયા છીએ માગો એ આપું.'' ખેડૂત તરત જ બોલ્યો. ''આપે આપેલું આ બધું જ છે આ ખેતર વાડી છે તે અનાજ થાય છે અને શાંતિથી જીવન ચાલે છે. પરંતુ જો તમારે આપવું જ હોય તો એ વરદાન આપો કે આપની આ મનોહર મૂર્તિ મને નિત્ય પ્રત્યે અહર્નિશ દર્શન આપતી રહે !'' મહારાજ બોલ્યા, ''તથાસ્તુ આજથી તમને અમારી મૂર્તિનાં દર્શન અવિરતપણે થતાં રહેશે.'' ખેડૂત તો નિરાવરણ દૃષ્ટિને પામ્યો.

ગામડાનો એક અભણ ખેડૂત. ક્યાં એણે વચનામૃત વાંચેલુ કે મોટાં મોટાં સાધન કરેલાં ? પરંતુ શ્રીહરિની મૂર્તિને વિષે દૃઢ પણે અનન્ય નિષ્ઠા હતી તો બીજું કાંઈ ન માંગતા શ્રીહરિની મૂર્તિરૂપી ચિંતામણિ માંગી લીધી !

શ્રીનગર કહેતાં અમદાવાદ મધ્યે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન જે શ્રી નરનારાયણ ભગવાન છે એ એ જ મૂર્તિ છે જેને આ ખેડૂતે વરદાનમાં માંગી લીધી હતી ! કહેવાનું તાત્પર્ય એ જ કે શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિ અને મંદ મંદ હાસ્યે યુક્ત શ્રી નરનારાયણ પ્રભુની કામણગારી શ્યામળી મૂર્તિમાં લેશમાત્રનો તફાવત નથી.

પર્વ એ શ્રીહરિનું જ પર્વ છે. એ જ શ્રીહરિ અમદાવાદ મધ્યે કાળુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરને વિષે શ્રીનરનારાયણ સ્વરૂપે પ્રત્યક્ષ રૂપે અખંડપણે બિરાજી રહ્યા છે. પોતાનું સર્વ સામર્થ્ય જે મૂર્તિને વિષે શ્રીહરિએ વેષ્ટિત કર્યું છે તે શ્રી નરનારાયણ પ્રભુનાં ૨૦૦ માં પાટોત્સવ પ્રસંગ ને નિમિત્ત બનાવીને પર્વ મહોત્સવના અનુલક્ષમાં ઠેર ઠેર ધૂન, સત્સંગ કથા પારાયણો યોજાતી રહી છે. પ્રત્યેક રવિવારે વિવિધ વિસ્તારોમાં આવેલ આપણા મંદિરોથી પદયાત્રાઓ યોજાઈ રહી છે.

હમણાં જ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદના પ્રસાદીનાં સભામંડપમાં ''શ્રી સ્વામિનારાયણ'' મહામંત્રની ૨૦૦ કલાકની નોન સ્ટોપ ધૂન પૂર્ણ થઈ. પ્રત્યેક ચાર ચાર કલાકે અલગ અલગ વિસ્તારોના મંદિરોથી ભક્તજનો-આબાલ-વૃધ્ધ બાઈ ભાઈ- સર્વે આવતા અને શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષને અતૂટ પણે વહેતો રાખતા. તાલ, પખાજ ઢોલ ત્રાંસા-ખંજરી વિ. વાજિંત્રોનો શોરગુલ પણ ક્ષણ ભર માટેય શમતો નહોતો. આ શોરગુલમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર જાણે વિશેષપણે ગાજી ઉઠતો અને મંડપમાં રાસ રમતાં હોય, તાલી વગાડતાં હોય વિ. તમામ ભક્તજનોના રોમેરોમમાં વ્યાપી જતો હોય એવી અનુભૂતિ થતી.

આ પર્વના પ્રીપેરેશન્સની ખાસિયત જ એ છે કે યુવાનો અને ખાસ કરીને યુવા બહેનો અને બીજા બાઈ ભક્તો માટે પણ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ વિવિધ આયોજનો કર્યા છે જેમ કે જુદા જુદા પંચ દિનાત્મક જ્ઞાનયજ્ઞ મહોત્સવો જેમાં સાંખ્યયોગી બહેનો દ્વારા શ્રીજી સમકાલીન સ્ત્રી ભક્ત કથા તથા લાડુ ઉત્સવ, હાટડી ઉત્સવ એમ વિધ-વિધ પ્રોગ્રામો આયોજ્યાં છે.

અત્યાર સુધી જે જે મહોત્સવો થયાં તે થકી આજના આ પર્વ મહોત્સવના આયોજનની એક ખાસિયત એ રહી છે કે આપણા સત્સંગની યુવા પેઢી પછી તે ભાઈ હોય કે બહેન બધા જ ખૂબ ઉત્સાહપૂર્વક વિવિધ કાર્યક્રમોમાં

ભાગ લઈ રહ્યાં છે અને પર્વ જાણે પોતીકો જ હોય એમ ખૂબ જ ખંતથી એની પૂર્વ તૈયારીઓમાં જોડાઈ ગયા છે.

સત્સંગ અર્થે સતત પ્રવૃત્તિશીલ રહેવું એથી મોટો બીજો કોઈ ''ભક્તિયોગ'' નથી.

પર્વની પૂર્વ તૈયારીઓને નિહાળીએ તો ચોક્કસપણે અહેસાસ થાય છે કે આપણી યુવા પેઢી સાચા અર્થમાં શ્રીહરિના સત્સંગને માણી રહી છે. વિવિધલક્ષી પર્વ પ્રવૃત્તિઓની ખાસિયત જ એ છે કે એ થકી યુવા પેઢી શ્રી નરનારાયણ પ્રભુના મહિમાને સમજે છે - સંતો અને સાંખ્યયોગી બહેનોના સહવાસથી સ્વાભાવિક પ્રકૃતિના દોષો ધીરે ધીરે નિર્મૂળ થતાં રહે છે અને સૌથી મોટી પ્રાપ્તિ તો એ જ થાય છે કે સર્વ જગત થકી ન્યારી - પ્યારી - કામણગારી અને મહિમાકારી શ્રીહરિની મૂર્તિ જેનો ક્યાંય જોટો મળે તેમ નથી એ મૂર્તિ આપણને મળી છે - એનો સતત અહેસાસ થતો રહે છે.

આવો આપણે પણ પર્વના આ અનોખા ભક્તિયોગમાં જોડાઈ જઈએ.

## ધનુર્માસનો વિશેષ સત્સંગ

### તા. ૧૬-૧૨-૨૦૨૧ થી તા. ૧૪-૦૧-૨૦૨૨

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન મહોત્સવ**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અને પૂજનીય સંતોની ઉપસ્થિતિમાં અને હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં ધનુર્માસ ધૂન મહોત્સવ ઉજવાશે. સમગ્ર માસ દરમ્યાન કડકડતી ઠંડીમાં આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો જાપ લેવાનું આપણને સદ્‌ભાગ્ય મળ્યુ છે.  આ એકજ અવસર એવો છે કે સમયસર ટાઈમ ટેબલ પણ સચવાય અને ભગવાનનું નામ લેવાય અને તે બહાને વહેલા જાગીને ધૂનમાં જોડાવું ખરૂને ભક્તો ! અને હા, યજમાન બનવાનો પણ લાભ લેવાય.

હાલના કોરોના મહામારીના કારણે સરકારશ્રીની માર્ગદર્શિકા પ્રમાણે માસ્ક ફરજીયાત પહેરવું અને સોશ્યલ ડિસ્ટનશન જાળવવું.

- મહંત સ્વામી

### પૂર્ણિમાના દિવસે જેતલપુરધામમાં પાર્કિંગ વ્યવસ્થા

જેતલપુરધામમાં પૂર્ણિમાના દિવસે દર્શનાર્થીઓને માટે ગાડીઓ પાર્ક કરવાની અદ્યતન સુવિધા ધરાવતું શ્રી સ્વામિનારાયણ મંદિરથી ૨૦૦ મીટર પહેલા સર્વિસ રોડથી જોડાયેલું વિશાળ ૩૦૦ ગાડીઓનું પાર્કિંગ બનાવેલ છે. તો વ્યવસ્થાના ભાગરૂપે તથા વાહનોની સલામતી માટે દર્શન કરવા આવતા હરિભક્તોએ પાર્કિંગમાં વાહનો પાર્ક કરીને જ પછી દર્શન કરવા આવવું.

જેતલપુર ગામ અને રસ્તા ઉપર પસાર થતા ટ્રાફિકને ખૂબજ અડચણ ઉપસ્થિત થતા વારંવાર ઘર્ષણ જેવા પ્રસંગો ઉપસ્થિત થાય છે તો મહેરબાની કરીને રસ્તામાં ક્યાંય તથા મંદિરમાં વાહનોને લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. તેમજ રાત્રીના સમયે પણ પાર્કિંગમાં લાઈટ અને સિક્યોરીટીની વ્યવસ્થા કરેલ છે. જેની સર્વે સુજ્ઞ સત્સંગીઓએ નોંધ લેવી.

(મહંત સ્વામી શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ)

# શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચન - ટૂંકસાર

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૯ માં પ્રાગટ્યોત્સવ પ્રસંગે અમદાવાદ મંદિર (તા. ૧૫-૧૦-૨૧)**

**પ.પૂ. મોટા મહારાજશ્રી :** મારા માટે આ દિવસ અતિ મહત્વનો છે એટલા માટે કે આ દિવસે મને શ્રી નરનારાયણદેવે આ આચાર્ય મહારાજશ્રીની ભેટ આપી છે. મને યાદ છે કે જ્યારે મારા લગ્ન સમારંભની આ સભા મંડપમાં સભા થયેલી એ સમયે ગાદી પર હું એકલો હતો ત્યારે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાયજી મહારાજ પોતાના પ્રવચનમાં બોલેલા કે આ ગાદી પર મેં હંમેશા યુગલ સ્વરૂપ બેઠેલા જોયા છે. ત્યાર પછી બે વર્ષમાં જ મહારાજશ્રીનો જન્મ થયો એટલે તેઓશ્રીનું વચન સત્ય થયું. આ લોકના એક જ્યોતિષી પોતે કહેલી બે વાતમાં તદ્દન ખોટા પડ્યા તેનો એક રમૂજી પ્રસંગ કહીને તેના સાર રૂપે કહ્યું કે **આપણા સૌના માટે મોટામાં મોટા જ્યોતિષી જો કોઈ હોય તો એ શ્રી નરનારાયણદેવ છે.**

મહારાજશ્રી અમદાવાદ દેશની ગાદી પર રહીને ઉત્તર વિભાગનું જે સુકાન સંભાળી રહ્યા છે ત્યારે બે બાબત મને બહુ ગમે છે. **એક તો તેઓ જુદા જુદા મંદિરો જેમાં હરિમંદિરોનો પણ સમાવેશ થાય છે. તેના જે જુદા જુદા ટ્રસ્ટો હતા તેને એક જ નરનારાયણદેવની છત્રછાયા નીચે લાવીને એક જ ટ્રસ્ટમાં વિલિનીકરણ કર્યું છે અને આ કાર્ય હજુ ચાલુ જ છે અને બીજું વહીવટમાં તેઓ ખૂબજ પારદર્શકતા લાવ્યા છે. આ બન્ને બાબતથી નરનારાયણદેવની તિજોરી વધારે સમૃધ્ધ બની છે.**

પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ દેશના વહીવટ અંગેની એક ઐતિહાસિક બાબતની સ્પષ્ટતા કરતા જેતલપુર ધામના મહંત પૂ. પી.પી. સ્વામીએ જણાવ્યું હતું કે, ઈ.સ. ૧૯૪૭ માં ભારતમાં જ્યારે લોકશાહી આવી ત્યારે શ્રીજી મહારાજે કરેલા દેશ વિભાગના લેખ પ્રમાણે આપણા મંદિરની વહીવટી સ્કીમ બનાવવામાં આવી ત્યારે આચાર્ય મહારાજશ્રી વહીવટના સર્વોચ્ચ વડા તરીકે નિયુક્ત થયેલા. ઈ.સ. ૧૯૬૨ માં જ્યારે દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ગાદી પર હતા ત્યારે નવી સિવીલ માટે જે તે સમયના ચેરીટી કમિશ્નરે અનુદાન માગેલુ. તે સમયના સ્કીમ કમિટીના સભ્યોએ અનુદાનની ના પાડવાના કારણે ચેરિટી કમિશ્નર સિવિલ કોર્ટમાં નવી સ્કીમ માટે દાવો કર્યો. પછી એ કેસ હાઈકોર્ટમાં ગયો અને છેલ્લા પાંચ વર્ષથી સુપ્રિમ કોર્ટમાં હતો. સ્વયં શ્રીજી મહારાજ વચને કરીને આ દેશના આચાર્યશ્રી સાથે સદાય રહેલા છે તેના પ્રત્યક્ષ પ્રમાણરૂપે ૨૦ ઓગષ્ટના રોજ સુપ્રિમ કોર્ટના ત્રણ જજની ખંડપીઠે આપણા **દેશ વિભાગના લેખ મુજબ જ ચુકાદો આપીને આચાર્ય મહારાજશ્રીની બધી જ સતાઓ જેમ હતી તે જ રાખી છે. એટલું જ નહી તેમાં ઉમેરો પણ કર્યો છે વળી જજમેન્ટમાં દેશ વિભાગના લેખનો ઉલ્લેખ કર્યો હોવાથી અને તે મુજબ જ વહીવટ થવો જોઈએ તેવી ટાંક હોવાથી હવે ભવિષ્યમાં કોઈ માણસ કે કાયદાની તાકાત નથી કે આ ચુકાદામાં કોઈ તસુભાર કે તણખલા ભાર ફેરફાર કરી શકે.**

**પ.પૂ. મોટા મહારાજશ્રીએ આ અંગે વધુ સ્પષ્ટતા કરતા કહ્યું કે,** ૧૯૬૨ માં અમદાવાદ અને વડતાલ બન્ને દેશમાં સ્કીમ સુધારણા માટે દાવા થયેલા. વડતાલનો ચુકાદો જલ્દી આવી ગયો. **આપણે ત્યાં વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી સુધી અમદાવાદ, જેતલપુર, ધોળકા, મૂળી વગેરે અમદાવાદ દેશની મિલકત આચાર્ય મહારાજશ્રીની અંગત મિલકત ગણાતી હતી. દાદાએ એ વખતે આ બધી મિલ્કત ટ્રસ્ટને સમર્પિત કરી તેથી આચાર્યશ્રી માલિકમાંથી ટ્રસ્ટી બન્યા. આચાર્યશ્રીએ સંસ્થાને બધું સમર્પિત કર્યું. એટલે સંસ્થા આચાર્યશ્રીને મકાન, ગાડી વગેરે આપીને સર્વ પ્રકાર નિભાવ કરે છે.** આપણો ચુકાદો ૬૦ વર્ષે આવ્યો. કારણ કે આચાર્ય વિરુધ્ધ કોર્ટ પાસે કોઈ પુરાવા ન હોતા. **પરંતુ અંતમાં ચુકાદા પ્રમાણે અમદાવાદ દેશની પરંપરા ચાલુ રહેતા આચાર્યશ્રી સ્કીમ કમિટીના પ્રમુખ (President) તરીકે રહેશે અને મંદિરોના મહંત નિમવાની કે ફેરબદલી કરવાની સત્તા પણ તેઓની સદાય રહેશે.**

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** પર્વના આ ઉપલક્ષમાં હાલમાં ગામોગામ સભાઓ, ધૂન વગેરે ચાલું છે. પરંતુ હવે દિવાળી પછી ખાસ કરીને બે કાર્યક્રમો ભારપૂર્વક કરવાના છે. એક તો ગામડાઓમાં જે ખેડૂત હરિભક્તો છે. **તેઓ ઓર્ગેનિક ખેતી કરીને ઓછી જમીનમાં વધું ઉપજ મેળવતા થાય જેમ ફોરેન કન્ટ્રીમાં ખેડૂતો આ કોન્સેપ્ટથી સમૃધ્ધ બન્યા છે. તેવી રીતે આપણે ત્યાં પણ ખેડૂતો વ્યવહારે વધુ સુખી થાય અને ઓર્ગેનિક ઉપજનો સૌ કોઈને લાભ મળે તે માટે શિબિરો વગેરે આયોજનથી સૌને જાગૃત કરવાના છે.** પાટણના એક ખેડૂતને આ ક્ષેત્રે પ્રદાન માટે સાત વાર રાષ્ટ્રીય એવોર્ડ મળ્યા છે આવા મહેનત અને ધગશવાળા ખેડૂતોને પણ આપણા પ્રયત્નોથી એક પ્લેટફોર્મ મળશે. **બીજું ગાદીવાળાશ્રી અને શ્રીરાજાના માર્ગદર્શન નીચે ગામડે ગામડે બહેનો હેન્ડીક્રાફ્ટના વ્યવસાયમાં રસ લઈ સુખી બને તે માટેના પ્રયત્નો હાથ ધરાશે.**

**પ.પૂ. મહારાજશ્રી :** હવે કોઈના માટે નાનો હરિભક્ત શબ્દ વાપરી શકાય તેમ નથી. કારણ કે **આ નરનારાયણદેવના પ્રાંગણમાં જેઓ આવ્યા તે બધા મોટા થઈ ગયા છે. માટે કોઈ નાના નથી. નાના એ છે કે જેઓ બીજે રઝળે છે. શીદને ભટકો છો મતપંથમાં રે લોલ.... નંદ સંતોના શબ્દો છે ને ! આ દેવના ચરણોમાં બેઠા છીએ તેની ખુમારી ઓછી હોય ! આ દેવ માટે અનંત... અસીમ... અતિ અતિ કે નેતિ નેતિ વગેરે શબ્દોનું પ્રયોજન કરીને પણ તેના મહિમાને કોઈ પાર પામી શક્યું નથી એ દેવ છે એટલે અમે છીએ. આચાર્યનું આ સ્થાન એ એક પદ છે. વ્યક્તિ નથી. આ પદનું ગૌરવ છે.** બાપજીએ આ ગાદી પર બે ની વાત કરી, ત્રણ બેસતા હોય તોય શું વાંધો છે ? અમારી વચ્ચે મિત્રતાનો એક આનંદ છે. એટલે બોલી શકાય છે પરંપરાગત મિત્રતા, ગરિમા અને આદર ચાલ્યા આવે છે. એક આનંદ છે. તમારા સૌની વચ્ચે રહેવાની પણ એક મઝા છે અને એટલે તો નાનપણથી ગામડા ફર્યો છું.

**જીવનમાં જો કોઈ અતિ મહત્વની અને જરૂરી બાબત હોય તો એ છે કે આ દેવનું પ્રાધાન્ય જીવનમાંથી ક્યારેય ઓછું ન થાય. જેઓએ આ દેવનું પ્રત્યક્ષપણું જાણ્યું છે. માણ્યું છે એ અન્યત્ર ક્યાંય ભટકતા નથી. આ દેવની શું વાત કરીએ ! આવા દેવ ક્યાંય મળશે નહી. મહારાજે બાથમાં લઈને પધરાવ્યા છે.** નરનારાયણદેવની જય આપણે નથી કરી શકતા, દેવની જય તો હોય જ છે. પરંતુ તેના કારણે આપણી જય થાય છે! એના લીધે આપણું પુરું થાય છે.

અહીં આવ્યા છો એ બધાને ઓળખું છું. બધા ઘરના છો અને કાયમી છો પરંતુ આનાથી નહી ચાલે. નિષ્ઠાની અભિવૃધ્ધિ વિના બધું નિરર્થક છે. સાચો ગૃહસ્થ એને કહેવાય જે પોતાનો ઉત્તરાધિકારી ઉભો કરે, રૂપિયાનો નહી, દેવનો ઉત્તરાધિકારી. આપણે દેવના ઉત્તરાધિકારી ઉભા કરવાના છે. ખરુ ને ? તો જ ચાલશે. નહીં તો આ મંદિરો બનાવવાથી શું થવાનું છે ? અને પછીની પેઢીને પકડવી બહુ કઠણ છે. **મહારાજના સિધ્ધાંતમાં જેટલી બાદબાકી થાય છે તેટલો વિધ્વંશ થાય છે. આ બાબત આપણે પ્રત્યક્ષ જોઈ છે. મહારાજે સ્પષ્ટ કહ્યું છે કે અમારી આજ્ઞાનું ઉલ્લંઘન થશે તો તમારે અને અમારે લેવા દેવા નથી. આ એક લાલ સિગ્નલ છે. મહારાજનું એક વાક્ય છે કે ભલા થઈને અમારો દાખડો સફળ કરજો.** મહારાજને ખબર છે કે આપણે હખણા રહેવાના નથી. મહારાજ બધાનું જાણે છે કે કોણ કેટલામાં છે ? હમણાં મહારાજ અહીં પ્રત્યક્ષ આવીને ઉભા રહે તો આપણા બધાયની દશા ખરાબ થઈ જાય ! એટલે તો ભલા થઈને એ શબ્દ પર વજન મુકવાની જરૂર પડે છે.

ઓછી જગ્યામાં વધુ ઉપજની વાત થઈ તો આજે શહેર છોડીને લોકોને ગામડે વ્યવસાય કે ખેતી કરવાનો સમય આવ્યો છે. છેલ્લે એ જ થવાનું છે. પ્રણાલિકા પરંપરા મુકવી નહી. ખલાસ થતું જશે તો આપીશું શું ? રૂપિયા તો વગર આપ્યે લઈ લેશે, માટે રૂપિયાની વાત નથી. ભગવાનની નિષ્ઠા આપણા કરતા પણ સવાયી થાય તેવું વાતાવરણ તેવો માહોલ આપણે આપવાનો છે. મેં અગાઉ પણ કહ્યું હતું કે દસ માળના મકાન તો ઘણા બનાવે છે. પરંતુ પરિવાર કેટલા બનાવી શકે છે ? **આ નરનારાયણદેવનો પરિવાર છે તેનું અમને ગૌરવ છે. ખુમારી છે. દેશ વિદેશમાં આપણા કેટલા મંદિરો થયા ! દરેક મંદિરોમાં સુખ-શાંતિ છે.** પ્રદક્ષિણામાં શાંતિથી સૂતેલા હરિભક્તને અમે જોયેલા છે. શાંતિ મળી હશે તો ઉંઘ આવી હશે ને ! નહી તો ઘણાને ૩ ટન કે ૫ ટન એ.સી.માં પણ ઉંઘ નથી આવતી ! આખી રાત હખળ

આજે મારો જન્મદિવસ છે એવું કહેવાય છે. દ્વિજ જનોઈ ધારણ કરે ત્યારે એનો બીજો જન્મ કહેવાય છે. **મારી દ્રષ્ટિએ સાચો જન્મ ત્યારે કહેવાય જ્યારે આ ભગવાનની પ્રાપ્તિ થઈ, ઓળખાણ થઈ, પ્રત્યક્ષપણું જાણ્યું અને નિષ્ઠા બંધાણી** બાકી ઘેટા બકરા તો ઘણા હોય ! બહાર ફાફડા જલેબી ખાતા હશે ! (આ પીળા ટીશર્ટવાળા (યુવક મંડળ) તમામે આપણા મંદિરનો નરનારાયણદેવનો સુંદર લોગો બનાવીને આપ્યો છે તો ફેરવી નાંખો, ટીશર્ટનો કલર પણ બદલી નાખો આપણે કંગાળ શા માટે રહેવું જોઈએ ?) ઘણાં જુદા ટોળા બનાવીને આશીર્વાદ આપવા નીકળી પડે છે. ખીસા ખાલી હોય ! બેલેન્સ ન હોય એટલે પછી ચેક બાઉન્સ જાય ! આશીર્વાદની જેને જરૂર હોય તેણે આ દેવ પાસેથી જ સીધા આશીર્વાદ લઈ લેવા. પર્વના ઉત્સવમાં તમે બધા યજમાન છો ઘરધણી છો, કોઈ મહેમાન નથી. આ દેવ આપણા છે. તમે દેવના થઈને રહ્યા છો એટલે અમે તમારા છીએ. **તમારા દીકરા દીકરીઓને તમે આ દેવ આપશો તો બધું આપ્યું એમ માનજો. પૈસા તો આપોઆપ ટ્રાન્સફર થઈ જાય છે. વળી દીકરો સારો હોય તો તેના માટે પૈસા ભેગા કરવાની જરૂર નથી. તેમજ દીકરો ખરાબ હોય તો પણ તેને પૈસા ન અપાય એજ શાણા માણસની સમજણ કહેવાય આવી કહેવત છે.**

વખળ થયા કરે કે કોરનામાં શું થશે ? બાપજીનું એક વાક્ય મારા અંતઃકરણમાં બરાબર ઉતરી ગયું છે કે કોઈ જાતની ચિંતા કરવી નહિ. **સત્સંગ વધવો કે ઘટવો એ નરનારાયણદેવની મરજી મુજબ થાય છે. આ મહારાજના શબ્દો છે.** શિક્ષાપત્રીમાં શું લખ્યું છે એ બધાને ખબર છે છતાં મહારાજની આજ્ઞા પ્રમાણે આપણે રોજ પાઠ કરીએ છીએ શા માટે ? મગજમાંથી નીકળી ન જાય એટલા માટે. અહીંથી બહાર જઈએ એટલે બધું ભૂલી જવાય છે. **આપણે સિંહ છીએ એટલે ખુમારી રાખવી.** તમે બધા નિકટના જ છો. આપણું સુખ અને મુખ પર સદાય હાસ્ય જોઈને અમુક લોકોને કંટાળો આવે. તેઓને મઝા ન આવે ! આ દિનેશભાઈ આપણા ટ્રસ્ટી છે છતાં સામાન્ય હરિભક્તની સાથે બેસીને જમે છે. કાલિયાણાના આ ડાહ્યા કાકાએ સૌ પ્રથમ ધર્માદાની ઝુંબેશ અને ખાસ કરીને આપણા સ્વામિનારાયણ માસિક અંકના સભ્યો વધારવાની ઝુંબેશ ઉપાડેલી. આજ કાલ મોબાઈલ વધ્યા છે તેનો ઉપયોગ માપે કરવો, સદુપયોગ કરવો. ભગવાનને જીવનમાં આગળ રાખવાથી આપણું એક બહુ મોટું કદમ આગળ વધે છે.

કચ્છથી પણ ભક્તો આવ્યા છે. આપણો સત્સંગ એક છે. એક તાંતણે બંધાયેલો છે. બધી જગ્યાએ માથાકૂટ છે. આપણે જલસા કરીએ છીએ તેનું શ્રેય આ નરનારાયણદેવને છે. **દેવના ઉંબરા પર રહીને મહારાજ બોલ્યા છે કે આમાને અમારામાં રતિમાત્ર ફેર નથી. બાથમાં લઈને પધરાવ્યા હોય એવું બીજે ક્યાંય નથી. બીજે ફેરફાર થયા છે. અહીં કોઈ આચાર્યશ્રીએ ફેરફાર થવા દીધો નથી. બન્ને દેશમાંથી આચાર્ય ગમે તે હોય ૨૧૨ શ્લોકમાંથી ૨૧૩ થયા નથી. કોઈ ફેરફાર નથી.** ૨૧૨ પૂરા થાય તોય ઘણું છે. ઘણા પૂછતા હોય છે કે ધર્માદો ક્યાં આપવો ? **મહારાજે સ્પષ્ટતા કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. એટલે મહારાજે કહ્યું હોય એમ કરવું. કોઈ દિવસ મોળી વાત કરવી નહીં એવું હું માનું છું.** મોળી વાત કરીએ તો ઉપવાસ કરવો પડે ને ! આપણે એવા ઉપવાસ કરવા જ નથી ! **કામ પણ હું મોળું નથી કરતો અને એ કામ તમારું જ થાય છે. દેવનું જ થાય છે!** આ ગોધાવીના બાપુએ એક જ પરિવારે આખા ગામનો સત્સંગ સાચવી રાખ્યો છે.

**સંપ્રદાયનું ગૌરવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન આશ્રિત અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. નટુભાઈ પટેલ (એલ.એ. કેલીફોર્નિયા) છેલ્લા ઘણા વરસોથી ત્યાં આપણા હિન્દુ ધર્મનો તહેવાર નવરાત્રી પર્વમાં ગરબા મહોત્સવનું આયોજન કરે છે. સાથે સાથે આપણી ઈસો. સંસ્થા સાથે સંકળાયેલા છે. અને જ્યારે આપણું મંદિર નિર્માણ થવાનું હતું ત્યારે શ્રી નરનારાયણદેવની કૃપાથી અને ધર્મકુળના સંકલ્પથી આપણું ભવ્ય મંદિર નિર્વિઘ્ને સાકાર પામ્યું હતું. જેમાં તેઓ ખૂબજ સક્રિય રહ્યા હતા. તેમની આવી ઉમદા અને નિઃસ્વાર્થ સેવાથી અમેરિકન હિન્દુ ફેડરશને તેમને હિન્દુઝ હ્યુમેનીટી એવોર્ડ ૨૦૨૧ એનાયન કર્યો છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી પણ તેમની આવી સેવાકિય પ્રવૃત્તિથી ખૂબજ પ્રસન્ન થયા છે.

## અમદાવાદ શહેર નજીક શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# મહેસાણા

- સંકલન : પ્રફુલ ખરસાણી

રેલ્વે દ્વારા
અમદાવાદથી દિલ્હી રેલ્વે લાઈન પર મહેસાણા જંકશન આવે છે.
બાય રોડ
અમદાવાદ થી ૧ કલાક અને ૩ મિનિટ
એરપોર્ટથી ૧ કલાક અને ૨૩ મિનિટ







**મહેસાણા મંદિર :-** અમદાવાદથી દિલ્હી રેલ્વે જાય છે તેમાં મહેસાણા જંક્શન સ્ટેશન આવે છે. મહેસાણા જિલ્લો છે. આ શહેર પ્રાચીન કિલ્લા બંધ છે. અહીં દૂધ સાગર ડેરી આવેલી છે. ડેરી ઘણી વિશાળ અને જોવા લાયક છે. અમદાવાદથી એસ.ટી. બસ દ્વારા પણ મહેસાણા જવાય છે.

અહીં જુના મંદિર માં સંવત ૧૯૭૨ના આસો વદી-૫ના રોજ મૂર્તિ પધરાવવામાં આવેલી છે.

શ્રીહરિ જ્યારે જ્યારે દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા ત્યારે આ ગામમાં પધારેલા છે. અને કળશીબાઇના ઘેર સંતોને ખીચડીનાં દાતણ કરાવ્યા છે.

વળી અહીં બાઈઓનું મંદિર ઘણુંજ સુંદર છે. મેડા ઉપર આવેલું છે. ઘનશ્યામ મહારાજની ઊભી મૂર્તિ તથા જમણા પડખે ધર્મદેવ અને ડાબા પડખે ભક્તિમાતાની મૂર્તિઓ આવેલી છે.

આ મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સં. ૨૦૨૯ના મહાવદી ૧૨ને દિવસે થયેલ છે. અહીં બાઈઓનું ઘનશ્યામ મંડળ ચાલે છે. બાઈઓમાં સત્સંગ સારો છે.

હાલ મહેસાણામાં પાંચ શિખરનું મંદિર હાઈવે ઉપર દૈદિપ્યમાન શોભી રહ્યું છે. જેમાં ૨૦૦૮માં પ.પૂ.આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વૃન્દાવન વિહારી શ્રી ઘનશ્યામમહારાજ અને શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરેલ છે.

મહેસાણામાં ભગવાન સ્વામિનારાયણ :- દંઢાવ્ય દેશમાં આવેલા સુપ્રસિધ્ધ મહેસાણા ગામમાં પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક વખત પધારી ત્યાંની ભૂમિને પોતાના ચરણાંકિત વડે પવિત્ર કરી છે. સાથે સાથે સંતો, તથા બ્રહ્મચારીઓ અને પાર્ષદોએ પણ શ્રીજી મહારાજની સાથે તે ગામમાં પધારી તે ગામની ભૂમિને પવિત્ર કરેલ છે. શ્રીહરિ જ્યારે જ્યારે વિસનગર તથા વડનગર

પધારતા ત્યારે ત્યારે મહેસાણા ગામ થઈને જ જતા.

એક સમયે શ્રીહરિ બામણવા નામના ગામેથી મહેસાણા ગામમાં પધાર્યા. મહેસાણામાં રહેલા શ્રીહરિનાં ભાવિક ભક્ત કળશીબા નામનાં બ્રાહ્મણ સ્ત્રી હરિભક્ત હતા. એ કળશીબાઈનો ઈતિહાસ કંઈક આવો છે




નારદીપુરના ભુદર મહેતા નિયમિત કુંભ મેળાના દર્શને જતા તેનાથી પ્રભાવિત ભગવાને દિવ્ય દર્શન આપી જણાવ્યું કે તમારે ત્યાં સાક્ષાત ગંગાજી અને કુંભ એટલેકે કળશકુંવરનો જન્મ થશે. એ ગંગાબા એટલે જેતલપુરવાળા ગંગાબા અને તેમના બહેન કળશકુવરબાના નામનો અપભ્રંશ થઈ કળશીબા કહેવાયા. એ કળશીબા શ્રીહરિ તથા સંતો, પાર્ષદોને પોતાને ઘેર લઈ ગયા. ત્યાર બાદ કળશીબાએ શ્રીહરિની પ્રેમભાવથી પૂજા કરી. સંતોએ પણ મધુર સ્વરે કીર્તનો ગાઈ શ્રીહરિની પ્રસન્નતા મેળવી. એવામાં સાંજ પડી ગઇ. ત્યારે કળશીબાએ શ્રીહરિ તથા સંતોને ભોજન માટે ખીચડી બનાવવા કાચું સીધું આપ્યું. તથા તે ખીચડીમાં નાખવા માટે ઘીનું ભરેલું કુંડુ પણ આપ્યું. ત્યાર પછી શ્રીહરિએ મુકુંદવર્ણી પાસે ખીચડી બનાવરાવી અને મહારાજે તે ખીચડીમાં અર્ધુ ઘી નાંખ્યું. અને બાકીનું ઘી શાકમાં નાખ્યું. પછી ખીચડીને શાક જમ્યા.અને સર્વે સંતને તથા સવારોને જમાડ્યા તોય રસોઇ વધી પડી. પછી તે વધેલી રસોઇ ઢાંકી મૂકી અને બધા સૂઇ ગયા.



સવાર પડી કે શ્રીહરિ તથા સંતો-પાર્ષદો ચાલવા તૈયાર થયા. ત્યારે ડોસી બોલ્યાં કે મારૂં રાંડી રાંડ નું અન્ન બગાડશો ? એટલે મહારાજે બધાને કહ્યું કે, ચાલોપંક્તિ પાડો. ત્યારે બધાએ મહારાજને કહ્યું કે, મહારાજ, દાતણ કર્યું નથી ને સ્નાન પણ કર્યું નથી અને પૂજા પણ કરી નથી. પછી જમવા તે શી રીતે બેસાય ? ત્યારે મહારાજ બોલ્યા કે, દાતણને નાવાની તો ટેવ તો શરીરને પડી ગઇ છે. પણ આત્માને શો બાધ છે ? એમ દરેકને આજ્ઞા કરી મહારાજે ખીચડી જમાડી દીધી. પછી મહારાજ તથા સંતો, પાર્ષદો ત્યાંથી બીજે ગામ ગયા.

આ પ્રમાણે શ્રીહરિએ કળશીબાનો ભાવપૂર્ણ કરી તેમને પણ પોતાના દર્શનનો લાભ આપી કૃતાર્થ કર્યા.આ કળશીબાના ઘેર શ્રી હરિ ત્રણ વખત પધાર્યા હતા અને કળશીબાએ આજુબાજુના ગામમાં ફરીને સત્સંગ કરાવ્યો હતો.

શ્રીહરિ મહેસાણામાં પધાર્યા તે વિષે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પણ ''ભક્તચિંતામણી'' ગ્રંથના પ્ર.૬૪માં કડી ૧૧માં લખ્યું છે કે.

**તિયાં જમાડ્યા બ્રાહ્મણ ઘણા, કરી મોદક મિસરિતણા ॥**
**ત્યાંથી ગયા ઉંઝે મહેસાણે, તિયાંજનને જમાડ્યા પરાણે ॥૧૧॥**

તથા મહેસાણાના ભક્તનાં નામ પણ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ''ભક્તચિંતામણી'' ગ્રંથમાં નીચે પ્રમાણે ગૂંથ્યાં છે. પ્ર. ૧૧૯ કડી ૫૫.

નરસઇ ભક્ત ભાવસાર, મુલચંદ એ જન ઉદાર ॥
દ્વિજ ભક્ત છે કશલીબાઇ, એહાદિ જન મેસાણામાંઇ ॥૫૫॥

આ પ્રમાણે શ્રીહરિ જ્યારે જ્યારે મહેસાણામાં પધારતા ત્યારે ત્યારે તેમના આશ્રિત એવા ભક્તજનો શ્રીહરિની સેવા કરી અત્યંત રાજીપો મેળવી લેતા. શ્રીહરિએ આ પ્રમાણે મહેસાણા ગામની ભૂમિમાંથી અધર્મનો નાશ કરી સધ્ધર્મની સ્થાપના કરી પોતાના ભક્તોને અવિનાશી સુખ આપી પોતાના ધામ પરાયણ કર્યા છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી

### ઓક્ટોબર-૨૦૨૧

તા. ૧૭-૧૦-૨૦૨૧ (સવારે) પ.ભ. પટેલ નરેન્દ્રકુમાર કાંતિલાલ - રાણીપ.
(સાંજે) પ.ભ. અરવિંદકુમાર શાંતિલાલ વાઘેલા

તા. ૨૦-૧૦-૨૦૨૧ પ.ભ. હર્ષ દર્શકકુમાર શુકલ - નારણપુરા - હ. ખ્યાતિ શુકલ

### નવેમ્બર-૨૦૨૧

તા. ૧૨-૧૧-૨૦૨૧ સાંખ્યયોગી રતનબેન રવજીભાઈ - હિરાપર-કચ્છ

તા. ૧૪-૧૧-૨૦૨૧ પ.ભ. મનજી શીવજી હિરાણી - યુ.એસ.એ.

તા. ૨૧-૧૧-૨૦૨૧ (સવારે) પ.ભ. ચેતનભાઈ ગોરધનભાઈ પટેલ - પોરવાળા-સાબરમતી - હ. અંજનાબેન
(૧૧ વાગે) પ.ભ. પ્રહલાદભાઈ મણીભાઈ પટેલ - બિલીયાવાળા-વડોદરા
(સાંજે) અ.નિ. કચરાભાઈ ખુશાલદાસ પટેલ શિષ્ય મંડળ - વિસનગર

તા. ૨૫-૧૧-૨૦૨૧ અ.નિ. છગનભાઈ પુરૂષોત્તમદાસ પટેલની પુણ્યતિથિ નિમિત્તે (વિહારવાળા) - હ. બાબુભાઈ છગનદાસ પટેલ - સાયન્સ સીટી

તા. ૨૮-૧૧-૨૦૨૧ (સવારે) અ.નિ. કાશ્મીરાબેન ઉદયનભાઈ મહારાજા પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે - વિસનગર
(સાંજે) પ.ભ. ગોમતીબેન રમેશભાઈ પટેલ - ડાંગરવાવાળા-યુ.એસ.એ.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટની યાદી

### ઓક્ટોબર-૨૦૨૧

રૂા. ૧,૫૧,૦૦૦/- અ.નિ.પ.ભ. નંદલાલભાઈ કોઠારી (ભાલજામંડળ અમદાવાદ)ની ૮ મી પુણ્યતિથિ નિમિત્તે - હેતરૂચિવાળા હરિભક્તો તરફથી

રૂા. ૫૧,૦૦૦/- પ.ભ. દિનેશકુમાર માણેકલાલ પટેલ - રાજપુર-કડી

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# ॥ ભક્તિસુધા ॥

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "જે પણ કાર્ય કરો તે પરમાત્માના સંરક્ષણમાં કરો"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

ભગવદ્‌ગીતા છે ને એવી રીતે ઉધ્ધવગીતા છે. ઉધ્ધવગીતાની અંદર ઉધ્ધવજીના ભગવાનને અમુક સવાલ છે. જે આપણને જ્ઞાન આપવા માટે છે. ઉધ્ધવજી શ્રીકૃષ્ણ ભગવાનના રથના સારથી હતા તેમણે ભગવાનની સેવા કરી પણ ક્યારેય કોઈ વસ્તુની માગણી કરી નહોતી. તો ભગવાને એક વાર ઉધ્ધવજીને બોલાવીને કીધું કે કેટલા બધા લોકોએ મારી પાસે માગ્યુ છે મેં બધાની ઈચ્છા પૂરી કરી છે. તો આપ પણ કાંઈક માગો. તો પણ ઉધ્ધવજીએ કાંઈ માગ્યુ નહિ. પણ ઉધ્ધવજીએ પોતાની શંકાના નિવારણ માટેની ઈચ્છા છે એમ કહ્યું તો તેમના જે ઉદ્દેશો હતા તે આપણને જ્ઞાન આપવા માટેના હતા. તો ઉધ્ધવજીએ ભગવાન શ્રીકૃષ્ણને પૂછ્યું કે : આપ જે ઉપદેશ જગતને આપો છો અને વ્યવહારિક જીવનમાં જે કરો છો એ બન્નેમાં મને ફેર જણાય છે. અર્થાત્ એમાંથી આપ ઘણો અમલ નથી કરતા એવું મને જણાય છે. એનું મને નિવારણ જોઈએ છે. તો ઉધ્ધવજીનો સવાલ એ હતો કે મહાભારતનું યુધ્ધ થયું તે એક રમતના લીધે થયું જેને આપણે જુગાર કહીએ છીએ. તો એ જુગારના લીધે આખા પરિવારનો વિનાશ થયો. આખી સૃષ્ટિને ભોગવવુ પડ્યું. તો આપ તો અંતર્યામી હતા. ભૂત ભવિષ્ય વર્તમાન બધું જાણતા હતા. તો આપે જે મિત્રતાની વ્યાખ્યા કરી છે એમાં એ પ્રમાણે આપનું વર્તન હતું નહિ કેમ કે ? પાંડવ હતા એ આપના મિત્ર હતા એમને આપના પર પૂર્ણ વિશ્વાસ હતો તો સાચા મિત્રની વ્યાખ્યા શું છે ? તો સંકટ સમયે સાથે ઉભા હોય છે. ખોટા રસ્તે જતા અટકાવે છે. તો આપે પાંડવને ખોટા રસ્તે જતા અટકાવ્યા કેમ નહિ ? આપ ધારત તો તેમને અટકાવી શકો એમ હતા. આપને બધી ખબર હતી તો તમે તેમને રોક્યા કેમ નહિ ? અને રમત થતી હતી તો યુધિષ્ઠિરના પક્ષમાં કેમ ન રહ્યા ? પાસા ફેરવી કેમ ના દીધા ? નસીબ બદલી કેમ ના દીધું ? યુધિષ્ઠિર રાજ્ય હારી ગયા દ્રોપદીને પણ દાવ પર લગાવી દીધા ત્યાં સુધી આપ કેમ ના આવ્યા ? દ્રોપદીને વિવશ થવાની હતી ત્યારે જ આપ કેમ આવ્યા ? ત્યારે ભગવાને કીધું કે, **દરેક વસ્તુના નિયમ હોય છે. આ પૃથ્વી પર માણસ પોતાના કર્મો દ્વારા સંચાલિત થાય છે. અને હું દૃષ્ટા તરીકે બેસીને જોઉં છું. પોતપોતાના કર્મો કરવા માટે દરેક વ્યક્તિ સ્વતંત્ર છે. પરંતુ કર્મોના ફળ મેળવવામાં સ્વતંત્ર નથી. આ સૃષ્ટિના નિયમોથી બધા બંધાયેલા છે.** તો ઉધ્ધવજીએ કીધું કે સંકટ આવે અને આપને બોલાવે ત્યારે જ આપ આવશો ? એ પહેલા જ આપને આવી ના જવાય મિત્ર હોય તો બોલાવવું પડે ત્યારે જ આવે ! તો શ્રીકૃષ્ણ ભગવાને કીધું કે એ લોકોએ મને શું કીધું હતું. તો શ્રીકૃષ્ણ ભગવાનને પ્રાર્થના કરી હતી કે અમે જ્યાં સુધી બોલાવીએ નહિ ત્યાં સુધી તમારે અમારા કક્ષમાં આવવાનું નહિ. એમને એવો વિશ્વાસ હતો કે મને બોલાવ્યા વગર રમશે અને જીતી જશે. માટે મને પ્રાર્થનાથી બાંધી દીધો હતો. એ એમનો ભ્રમ હતો કે અમે જીતી જઈશું. નહિ તો હું તો તૈયાર જ હતો અને **ભગવાને એ પણ કીધું કે હારવાનું કારણ શું હતું ? તો વિવેક શૂન્યતા. જેનામાં વિવેક હોય છે એ જીતી જાય છે.** રમત રમતી વખતે દુર્યોધન વિવેકી હતો. તેને પોતાને પાસાનું જ્ઞાન હતું નહિ એટલે દુર્યોધને વિવેકપૂર્ણ કાર્ય કર્યું કે મને પાસાની ખબર પડતી નથી માટે શકુનિ મામાને રમવા બેસાડ્યા. **તો યુધિષ્ઠિરે પણ જો ધાર્યું હોત તો પોતાના તરફથી મને રમવા બોલાવી શકત. તો હું અને શકુનિ સામસામે રમ્યા હોત તો જીત કોની થાત ? પરંતુ મને આપ સભા કક્ષની**

**બહાર ઉભા રહો એમ કહ્યું હતું.** તો જ્યારે માણસના જીવનમાં અજ્ઞાનરૂપી આવરણ આવી જાય છે ત્યારે માણસ ભૂલી જાય છે. તો ઉધ્ધવજીએ કીધું કે એનો અર્થ એવો થયો કે માણસ પાપ કર્મ કરતા રહે અને આપ જોતા રહો. તો ભગવાને કીધું કે મારા કહેવાની અંદર જે રહસ્ય અર્થ રહેલો છે તે આપ સમજો. **"જે પણ કાર્ય કરો તે પરમાત્માના સંરક્ષણમાં કરો.'** અર્થાત્ આજ્ઞામાં રહીને કરવાનું. થોડું વિચારવાનું કે હું જે કરું છું તે બરાબર છે. પરંતુ મોહરૂપી આવરણને લઈને માણસ ભૂલી જાય છે કે ભગવાન આપણી અંદર બેસીને જુએ છે અને પછી જ્યારે દુઃખ પડે છે ત્યારે જાગ્રત થાય છે. દ્રોપદીને જ્યારે નિર્વસ્ત્ર થવાનું આવ્યું ત્યારે પણ પોતાની બધી તાકાત લગાવી દીધી. પોતાની સામર્થીથી થાય એમ ન રહ્યું ત્યારે ભગવાનને પોકાર્યા ત્યારે જાગ્રત થયા એટલે કહેવાનો અર્થ છે કે માણસના જીવનમાં અજ્ઞાનતા આવી જાય છે ત્યારે જ પતન ચાલું થાય છે. **જો કાર્યો ભગવાન ઉપર આધાર રાખીને ભગવાનના સંરક્ષણમાં કરવામાં આવે તો વાંધો આવતો નથી. માટે ચોવીસે કલાક પોતાના ચિત્તમાં મહારાજને પરોવીને રાખીશું તો ગમે તેવા સમયે ગમે તેવી મુશ્કેલી આવે તો પણ તેને પાર નીકળવા સક્ષમ થઈશું. આપણે પોતાનું ડહાપણ કરીએ ત્યારે દુનિયાદારીમાં ખોવાઈ જવાય છે.** જ્યારે આપણી અંદર જ્ઞાન આવી જાય છે ત્યારે આપણાથી ખોટા કાર્યો થતા નથી. છોકરાઓ ખોટું કરે છે. બદમાશી કરે છે. તો ક્યારે કરે છે ? તમારી હાજરીમાં કરતા નથી. કેમ કે ? મમ્મી ખિજાશે. તેવી રીતે આપણે એ ભૂલી જઈએ છીએ કે અંદર બેઠેલા જુએ છે. આપણે ભૂલી જઈએ છીએ કે આવું આપણને શોભે નહિ. યાદ હોય છે તો પણ ખોટું થાય છે તો કેમ થાય છે. **તો વ્યક્તિ પોતાના સ્વભાવના દોષો સ્વીકારતા નથી.** આપણે જોઈએ તો ક્રોધ માન, માયા, લોભ આ બધું આપણી અંદર છે એ બધાને ખબર પડે છે. પણ અંદર પડેલા પોતાના દોષને માણસ છુપાવે છે. પોતાના દોષ ખુલ્લાં થાય તે કોઈને ગમતું નથી. બધી સામર્થી એ જ વસ્તુમાં લગાડી દઈએ છીએ પોતાના દોષ છુપાવવા માટે, અંદર ઘણી વખત ખૂબ ગુસ્સો આવી જાય તો બહાર ખરાબ ન લાગે તેના માટે કેટલા બધા પ્રયત્નો કરીને શાંત રહેવું પડે. આપણા દોષોને છુપાવવા માટે કેટલું બધું કપટ થઈ જાય છે. **જો એ જ બધી શક્તિ ભગવાનને હૃદયમાં સંતાડી દેવા માટે લગાવી હોય તો કામ થઈ જાય.** તમે તમારા બાજુમાં બેઠેલા તમારા બહેનને છેતરી શકો પણ અંદર બેઠેલા બધું જુએ છે. કેટલા વર્ષો વીતી જાય છે. તો પણ કપટ બહાર આવે છે ! તો કહેવાનો અર્થ છે કે **પોતાના સ્વભાવના જે દોષો છે તેને સ્વીકારતા શીખો.** આપણે એવું વિચારીને આપણા દોષો કોઈને કહી શકતા નથી કે બધા શું વિચારશે. પણ તમે કોઈને ના કહી શકો તો કાંઈ વાંધો નહિ પણ ભગવાન આગળ તો બધું કહી શકો ને ? ભગવાનને પ્રાર્થના કરી શકો કે મહારાજ મને આવું છે મારામાં આ દોષો છે. મારામાં સુધારો આવે ને હું આમાથી બહાર નીકળી જાઉ એવી મને શક્તિ આપજો મારી સહાય કરજો. **એમ હાથ જોડીને સાચા દિલથી માફી માગશો ને તો ભગવાન આપણા પ્રારબ્ધ પણ બદલી દેશે. કેટલા દયાળુ છે મહારાજ !** નાના છોકરાની જેમ નિખાલસ થઈ જશો તો કામ થઈ જશે. તો જીવન પારદર્શક હોવું જોઈએ. તમારું જીવન પારદર્શક હશે ને તો રાત્રે ઉંઘ સરસ આવી જશે. એટલી બધી શાંતિ લાગશે કે બહાર દુનિયાનો પ્રલય થઈ જાય ને તો પણ તમારી અંદરની શાંતિને કોઈ હલાવી નહિ શકે. તમારી અંદર હલન ચલન નહિ થાય. માટે છળકપટ નહિ કરવાનું. દરેક કાર્યમાં મહારાજને સાથે રાખવાના. તો આપોઆપ કોઈપણ ખોટું કાર્ય નહિ થાય.

---

**શ્રી સ્વામિનારાયણ અંક ન મળવા અંગે**

**આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દર માસની ૧૧ તારીખે ખૂબજ ચોક્કસાઈપૂર્વક પીનકોડ જીલ્લા દ્વારા સોર્ટિંગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. છતાં ઘણાને અંક સમયસર મળતા નથી એવી ફરિયાદ આવે છે. જે કાંઈ ફરિયાદ છે તે પોસ્ટ ખાતાની છે. માટે જેમને અંક ન મળતા હોય તેમણે ૨૦ તારીખ પછી કાર્યાલયમાં ગ્રાહક નંબર સાથે જાણ કરવી અને પોતાની નજીકની પોસ્ટમાં લેખિત ફરિયાદ અવશ્ય કરવી. તોજ આપને સમયસર અંક મળશે.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# મકર સંક્રાંતિ (ઉત્તરાયણ) પુણ્ય પર્વ પ્રસંગે અલૌકિક દાન પુણ્ય

આપણો ભારત દેશ ધર્મપ્રધાન દેશ છે. દરેકને પોતપોતાનો ધર્મ-સંપ્રદાય પાળવાનો સ્વતંત્ર અધિકાર છે. આપણા દરેક પર્વ-ઉત્સવનું અનેરૂ માહાત્મ્ય અને મહિમા હોય છે. તેમાંય ૧૪ મી જાન્યુઆરીના દર વર્ષે આવતું ઉત્તરાયણ પર્વ એટલે મકર રાશીમાં સૂર્યનારાયણ ભગવાનનો પ્રવેશ એટલે સંક્રાંતિ કાળ એ શુભનું મંગળકારી આગમન, દરેક પ્રકારના દાન પુણ્યમાં અનેક ઘણો ઉમેરો કરતો હોવાથી આ શુભ દિને પુણ્ય સ્થાનક દેવ મંદિર, અનાથાશ્રમમાં નિરાધાર લોકોને દાન કરવાથી આ લોક પરલોક સંબંધી સર્વે મનોરથ સંકલ્પોનું ત્વરિત ફળ-પુણ્ય મળે છે.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈ સ્વસ્વરૂપ એવા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ પવિત્ર સાનિધ્યમાં તથા શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની શુભ આજ્ઞાથી અને પરમ વંદનીય સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૬-૧૨-૨૦૨૧ થી તા. ૧૪-૧-૨૦૨૨ એટલે આખો માસ પ્રાતઃકાળે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો અલૌકિક લાભ ઓફલાઈન લીધો તેજ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૨૨ ના રોજ મકર સંક્રાંતિ પુણ્ય પર્વ હોવાથી આપ સૌ જીવનમાં વર્ષમાં એકવાર આવતા આવા પુણ્ય પર્વમાં દાન પુણ્ય કરીને જીવનને ધન્ય બનાવશો.

**શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિમંદિરના કોઠારીશ્રી અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળને અનુરોધ**

શ્રી નરનારાયણદેવ દેશના તમામ શહેર અને ગામોના કોઠારીશ્રી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પ્રતિનિધિઓને ખાસ અનુરોધ છે કે આપના ગામમાં ઉત્તરાયણ પર્વની ઝોળી ફેરવીને તે નિમિત્તે જે કાંઈ અનાજ, રોકડ કે જીવન જરૂરી પદાર્થ દાનમાં આવે તે તમામ વસ્તુઓ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ''આંગન'' માં જમા કરાવી પહોંચ મેળવી લેશો. જે તમામ આપનું દાન અનેક નિરાધાર જરૂરિયાતવાળા લોકો સુધી પહોંચશે. આ સંકલ્પ એ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો છે. એટલે આ આંગનની સેવા પ્રવૃત્તિ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની દેખરેખ નીચે આપણા સત્સંગી બહેનો દ્વારા કરવામાં આવે છે.

આ આંગનમાં દાન કરનારને ૮૦-જી હેઠળ ઈન્કમટેક્ષમાં માફી મળશે.

**મહંત સ્વામી**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસના**
**શ્રીહરિ સ્મૃતિ સહિત જયશ્રી સ્વામિનારાયણ.**

# ઉત્તરાયણ પુણ્ય (ઝોળી) પર્વ

નામ : ..........................................................................................

સરનામું : ......................................................................................

ફોન નં. : ........................... મો. : .............................................

## ઉત્તરાયણ પુણ્ય પર્વ

તા. 14-1-2022ના ઉત્તરાયણ - મકરસંક્રાંતિના શ્રી નરનારાયણદેવના દર્શને પધારો ત્યારે આ કાર્ડમાં આપની ઈચ્છાનુંસાર રકમ ભરી કોઠાર ઓફિસમાંથી પહોંચ મેળવી લેવી. દૂર વસતા હરિભક્તોએ ચેક - ડ્રાફ્ટ અને ઓનલાઈનથી રકમ મોકલવી.

| વિગત | ભાવ રૂા. | વજન | ૫ કિલોના ભાવ રૂા. | આપની સેવા રૂા. |
|---|---|---|---|---|
| ચોખા | ૩૦૫૦ | ૧૦૦ કિલો | ૧૫૫ | |
| ઘઉં | ૨૦૦૦ | ૧૦૦ કિલો | ૧૦૦ | |
| મગ | ૮૦૦૦ | ૧૦૦ કિલો | ૪૦૦ | |
| તલ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| ચણા દાળ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| તુવેર દાળ | ૧૦૦૦૦ | ૧૦૦ કિલો | ૫૦૦ | |
| મોગર દાળ | ૭૨૦૦ | ૧૦૦ કિલો | ૩૬૦ | |
| શુદ્ધ ઘી | ૬૦૦૦ | ૧ ડબો | ૨૦૦૦ | |
| તેલ | ૧૩૦૦ | ૧ ડબો | ૪૩૦ | |
| ગોળ | ૫૦૦૦ | ૧૦૦ કિલો | ૨૫૦ | |
| ખાંડ | ૪૧૦૦ | ૧૦૦ કિલો | ૨૦૫ | |
| કુલ રૂા. | ૫૧૪૫૦ | | ૫૬૦૦ | |

દાન, વસ્તુ રૂપે, રોકડ સ્વરૂપે તથા ચેક અથવા ડ્રાફ્ટ
“શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ”ના નામે આપશો.
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ ફોન : ૮૨૩૮૦૦૧૬૬૬

# સત્સંગ સમાચાર

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૯ મો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

**પર્વ ॥ જીવેમ શરદઃ શતમ્ ॥ પર્વ**

શ્રી નરનારાયણ ભગવાનની પરમકૃપાથી અને સાનિધ્યમાં પૂ. મહંત શા. સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા-માર્ગદર્શન અને સભા સંચાલન હેઠળ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાતમાં વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૯ મો પ્રાકટ્યોત્સવ અમદાવાદ મંદિરના પ્રાંગણમાં ધામોધામથી પધારેલા બ્રહ્મનિષ્ઠ સંતો અને હરિભક્તોના વિશાળ સમુદાય વચ્ચે તા. ૧૫-૧૦-૨૦૨૧ (વિજયા દશમી)ના શુભ સવારે ઉલ્લાસ અને ઉમંગભેર ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ બાગથી મંદિર સુધી પદયાત્રા દ્વારા દેવના દર્શન માટે પધાર્યા હતા. ઢોલ અને શરણાઈઓના સુમધુર નાદ સાથે સંતો-ભક્તોએ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોનું સ્વાગત-સામૈયું કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ ત્રણેય સ્વરૂપોએ ત્રણેય દેરામાં સ્વહસ્તે દેવોની શણગાર આરતી ઉતારી હતી. ત્યાર પછી સભા મંડપમાં બિરાજમાન થયા હતા. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા શ્રીરાજા પણ દેવોનું દર્શન કરી હવેલીમાં બિરાજ્યા હતા.

ભૂદેવોના સ્વસ્તિવાચન બાદ અગ્રગણ્ય સંતો-ભક્તોએ પુષ્પની છડીથી પૂજન-અર્ચન અને આરતી કરી હતી. આ પ્રસંગે ડૉ. પી. એમ પટેલે (માણસા) શ્રી સ્વામિનારાયણ માસિકના જે કોઈ નવા સભ્યો થાય તેના માટે ૫૦% લવાજમની રકમ સૌજન્ય તરીકે પોતાના તરફથી જાહેર કરી હતી. દર્દીઓની સેવાના ભાગ રૂપે રક્તદાન શિબિરના આયોજન દ્વારા ૩૭ જેટલા ભક્તજનોએ રક્તદાન કર્યું હતું.

સર્વે સંતોના પ્રતિનિધિ સ્વરૂપે પૂ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ના પ્રાસંગિક પ્રવચન બાદ ત્રણેય સ્વરૂપોએ પ્રેરણાત્મક શુભાશીર્વાદ પાઠવ્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શરદોત્સવ ઉજવાયો

કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પવિત્ર પ્રાંગણમાં આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના શુભ દિને સુંદર સફેદ વસ્ત્રોના અલૌકિક મંડપમાં ઠાકોરજીને બિરાજમાન કરીને રાત્રે શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળે ઓચ્છવ કરીને સૌ સંત-હરિભક્તોને કીર્તન ભક્તિનું સુખ આપ્યું હતું. પૂર્ણાહુતિની આરતી પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ ઉતારી હતી. સૌ દર્શનાર્થી ભક્તોને દૂધ પૌંવાનો પ્રસાદ વહેંચ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય મહંત સ્વામી દ્વારા સુંદર આયોજન કરાયું હતું. (કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ઉજવાયા દીપોત્સવી ઉત્સવો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ કાલુપુર મંદિરના મહંત સ્વામી પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં દીપોત્સવીના ઉત્સવો પરંપરાગત રીતે ધામધૂમથી સંપન્ન થયા.

કાળી ચૌદશના તા. ૩-૧૧-૨૧ ના રોજ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી હનુમાનજી મહારાજનું પૂજન અર્ચન આરતી અને અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી.

સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન : આસો સુદ-૩૦ દિવાળી તા. ૪-૧૧-૨૧ ગુરુવારના રોજ સાંજે ૬-૩૦ કલાકે મંદિરના ગોર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સમૂહ ચોપડા પૂજન સંપન્ન થયું હતું. આજના ટેકનિકલ યુગમાં પણ અનેક ધર્મ પ્રેમી હરિભક્તોએ પોતાના વેપાર ધંધાના ચોપડાનું ધર્મકુળના હસ્તે પૂજન કરાવવાનો એક અલૌકિક લ્હાવો લીધો હતો.

કારતક સુદ-૧ નૂતન વર્ષ તા. ૫-૧૧-૨૧ પ્રાતઃ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી અને શણગાર આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. અન્નકૂટોત્સવની આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી. શહેરના હજારો હરિભક્તોએ મંગળા આરતી થી લઈ અન્નકૂટની પૂર્ણાહુતિની આરતી સુધી દર્શન કરીને જીવન ધન્ય બનાવ્યું હતું. ગામોગામ અન્નકૂટ પ્રસાદ પહોંચાડવાની સુંદર વ્યવસ્થા પૂ. મહંત સ્વામીના માર્ગદર્શનથી સંત-હરિભક્તો દ્વારા સુંદર રીતે કરવામાં આવી હતી. (કોઠારી સ્વામી કાલુપુર સ્વા. મંદિર)

## જેતલપુરધામમાં શ્રીમદ્ ભાગવત પારાયણ

મહાપ્રતાપીદેવ શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી શ્રી નરનારાયણદેવના ૨૦૦ વર્ષ પર્વના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળની શુભ આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુરધામ-નારાયણપુરાધામના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું ૧૩ નવેમ્બરથી ૧૭ નવેમ્બર પર્યન્ત સુંદર આયોજન સંપન્ન થયું. જેના વક્તા પદે શા. ધર્મનંદનદાસજી સ્વામીએ બિરાજી કથામૃતનું અદ્‌ભુત રસપાન કરાવ્યું. પ.ભ. અલ્કાબેન બિપીનભાઈ પટેલ (બારેજાવાળા) પરિવાર યજમાન રહ્યા હતા. આ કથા પ્રસંગે ભવ્ય દિવ્ય તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ. જેમાં અસલાલી, જેતલપુર અને બારેજાના હરિભક્તોએ ખૂબ લાભ લીધો હતો. ધામો ધામના સંતો પૈકી કાંકરિયા મંદિરના મહંત સ્વામી બ્રહ્મચારી વાસુદેવાનંદજી તથા નારણપુરા, મહેસાણા, ભુજ આદિક ધામોથી સંતો પધાર્યા હતા. હરિભક્તોએ કથાનો સુંદર લાભ લીધો હતો. (મહંત શ્રી કે.પી. સ્વામી-જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દિવાળી ઉત્સવો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ તેમજ નારણપુરા મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા મહંત સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રમાણે નારણપુરા મંદિરમાં દિવાળીના ઉત્સવો ખૂબજ ભવ્યતાથી ઉજવવામાં આવ્યા. તા. ૩-૧૧ બુધવારે કાળીચૌદશના દિવસે શ્રી હનુમાનજી મહારાજનું પૂજન કરવામાં આવ્યું હતું. જેના યજમાન પદે પ.ભ. શ્રી દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ તથા પ.ભ. શ્રી રમેશભાઈ પ્રહલાદભાઈ પટેલ (જમીયતપુરા)એ લાભ લીધો હતો. તા. ૪-૧૧ ગુરુવારે ભવ્ય ચોપડા પૂજન ભૂદેવોએ સંતો સાથે કર્યું હતું. તેમજ દીપોત્સવ મંદિરમાં સુંદર રીતે કર્યો હતો. તા. ૫-૧૧ શુક્રવારે દિવ્ય ભવ્ય અન્નકૂટ ઉત્સવ ઉજવાયો. શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ સુંદર અન્નકૂટ ધરવામાં આવેલ. જેનાં યજમાન પદે પ.ભ. શ્રી ગટોરભાઈ ખીમજીભાઈ પટેલ પરિવાર (સુરેન્દ્રનગરવાળા) તથા પ.ભ. શ્રી ગાંડાભાઈ જુગલદાસ પટેલ પરિવારે (સોલાવાળા) લાભ લીધો હતો. તા. ૧૫-૧૧ સોમવારે પ્રબોધિની એકાદશીના ઠાકોરજી આગળ સુંદર હાટડી પુરવામાં આવી હતી. તમામ ઉત્સવોમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (કો. પૂર્ણસ્વરૂપ સ્વામી - નારણપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડા મુવાડીનો છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુરધામના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન મુજબ શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડાની મુવાડીનો છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ તા. ૨૫-૧૦-૨૧ ના રોજ ખૂબ ધામધૂમથી ઉજવાયો.

આ પાટોત્સવ પ્રસંગે જેતલપુરધામ તથા નારાણપુરા ધામથી શા. ધર્મનંદનદાસજી સ્વામી, શા. પ્રેમસ્વરૂપદાસજી સ્વામી તથા અનંતસ્વરૂપદાસજી સ્વામીએ પધારી ઠાકોરજીની આરતી, અભિષેક તથા દિવ્ય સત્સંગ કથા-વાર્તાનો અલભ્ય લાભ આપ્યો હતો. આ પ્રસંગે ભૂદેવોએ પાટોત્સવના યજમાન પ.ભ. શ્રી હર્ષદભાઈ સુખલાલ પટેલ તથા પ.ભ. શ્રી મનહરભાઈ સુખલાલ પટેલ પરિવાર (નાની સરસણ હાલ - અમદાવાદ)ને ભૂદેવોએ મહાપૂજા વિધિવતે રીતે કરાવી હતી. આ પ્રસંગે ગામના તથા આસપાસના ગામડાના મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શન કરી મહાપ્રસાદનો લાભ લીધો હતો. (ચિંતન - લીમડા મુવાડી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) દ્વારા "પર્વ" મહામહોત્સવના ઉપલક્ષમાં વિવિધ સત્સંગલક્ષી પ્રવૃત્તિઓ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા. સ્વામી વાસુદેવચરણદાસજીના માર્ગદર્શનથી (૧) તા. ૩-૧૦-૨૧ : ડૉ. ભરતભાઈ ડી. સુહાગીયાના મુખ્ય યજમાનપદે ૨૨૫ જેટલા ભક્તજનો દ્વારા સમૂહ મહાપૂજા. (૨) તા. ૬-૧૦-૨૧ : અમદાવાદ શહેર પ્રસાદીના સ્થળોની પદયાત્રા - વિસનગરા, વડનગરા તથા ચકલેશ્વર મહાદેવ, અંબાબા વાળુ શ્રી રામજી મંદિર, શ્રી પંચમુખી તથા છબીલા હનુમાનજી, શંકરાચાર્યની હવેલી, મહાલક્ષ્મી મંદિર, મોરલીધર મંદિર અને સારંગપુર તથા રાયપુર દરવાજો. પદયાત્રામાં આપણા અન્ય મંદિરોએથી પણ સંત-પાર્ષદો તથા હરિભક્તો જોડાયા હતા. (૩) શ્રી શારદીય નવરાત્રાના ૯ દિવસ પર્યંત તથા તા. ૧૯-૧૦-૨૧ શરદોત્સવ પ્રસંગે દિવ્ય રાસોત્સવ. (૪) તા. ૧-૧૧-૨૧ : અમદાવાદ શહેર પ્રસાદીના સ્થળોની પદયાત્રા, ગુપ્તેશ્વર તથા ગૌરીશંકર મહાદેવ, કાલુપુર દરવાજો, લાલદાસ ગોરા તથા બેચર મણકીવાળાનું ઘર, કાલા રામજી તથા હીરાચંદ ચોકસીનું ઘર, નવા વાસમાં સભા સ્થાન તથા પુરુષોત્તમદાસ પટેલનું ઘર, કાલુપુર આપણું મંદિર, શ્વેતકૃષ્ણ, ગણેશબારીનો આરો તથા મંજૂરી મેળવીને ભટ્ટનો સમગ્ર કિલ્લો-તેલનું ટાકું. (૪) શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ અન્નકૂટ : પેંડાનો (ઈંદિરા એકાદશી), ફાફડા જલેબી (વિજયા દશમી) સિતાફળ (પાંશાકુશા એકાદશી), જામફળ (રમા એકાદશી), સુખડી (કાળી ચૌદશ હનુમાનજી સમક્ષ) દિપાવલી પ્રસંગે દીપમાળા તથા પરંપરાગત નતૂન વર્ષ પ્રસંગે ભવ્ય અન્નકૂટોતસવ. શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદકોલોની (બાપુનગર) મંદિરમાં પ.ભ. શ્રી દાસભાઈના માર્ગદર્શન નીચે પર્વના ઉપલક્ષમાં ક્રમશઃ ચાલતી ૨૦૦ કલાકની ધૂન તા. ૬-૧૦-૨૧ ના રોજ સંપન્ન થઈને પૂર્ણતાને પામી છે. ભાઈઓ-બહેનોની આ સંયુક્ત ધૂન ઉપરાંત બહેનોના મંદિરમાં બહેનોએ અલગથી વિશેષ ૧૫૦ કલાકની ધૂન કરી છે. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**ગાંધીગનર સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા પર્વના ઉપલક્ષમાં સત્સંગ પ્રવૃતિ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી ગાંધીગનર સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આપણા "પર્વ" મહામહોત્સવના ઉપલક્ષમાં સંત-મંડળ દ્વારા ગામોગામ થયેલ સત્સંગ પ્રવૃતિ-સામાજીક પ્રવૃતિઓ.

(૧) ૩-૯-૨૧ અડાલજ ગામે સત્સંગ સભા સ.ગુ. મહંતશ્રી પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૨) ૩-૯-૨૧ વાવોલગામે સત્સંગ સભા મહંતશ્રી પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૩) ૩-૯-૨૧ ધરમપુર ગામે સત્સંગ સભા પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૪) ૫-૯-૨૧ ખોરજગામે સત્સંગ સભા શા. પી.પી. સ્વામી અને શા. રામ સ્વામી દ્વારા. (૫) ૬-૯-૨૧ મીઠાખળી અમદાવાદ સભા પી.પી. સ્વામી અને ઘનશ્યામ સ્વામી દ્વારા. (૬) ૭-૯-૨૧ અને તા. ૮-૯-૨૧ મેમનગર ખાતે પી.પી. સ્વામી અને ઘનશ્યામ સ્વામી દ્વારા તથા મહાદેવનગર સત્સંગ સભા શા. પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૭) ૮-૯-૨૧ અને ૧૦-૯-૨૧ સત્સંગ સભા પી.પી. સ્વામી અને ઘનશ્યામ સ્વામી દ્વારા. (૮) ૧૧-૯-૨૧ બાપુનગર સત્સંગ સભા શા. પી.પી. સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી અને જનકભાઈ દ્વારા. (૯) ૨૨-૯-૨૧ હર્ષદ કોલોની ખાતે મહામંત્ર ધૂન શા. પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૧૦) ૨૫-૯-૨૧ મોટેરા પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા સત્સંગ સભા. (૧૧) ૨૯-૯-૨૧ માણેકપુર ચૌધરી ગામે સત્સંગ સભા શા. પી.પી. સ્વામી, શા. રામ સ્વામી, ગોપાલ સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૧૨) ૩૧-૯-૨૧ કોટેશ્વર ગુરુકુળ ખાતે સત્સંગ સભા શા. પી.પી. સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી, શા. રામ સ્વામી અને ગોપાલ સ્વામી દ્વારા. (૧૩) ૧-૧૦-૨૧ શિલજ ખાતે સત્સંગ સભા શા. પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૧૪) ૨-૧૦-૨૧ મેડા

ગામે એકાદશીની સભા શા.પી.પી. સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી, ઘનશ્યામ સ્વામી આદિ સંત મંડળ દ્વારા. (૧૫) ૩-૧૦-૨૧ ટોરડા ખાતે સત્સંગ સભા શા.પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૧૬) ૬-૧૦-૨૧ સલાલ ગામે સત્સંગ સભા શા. પી.પી. સ્વામી, શા. રામ સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૧૭) હર્ષદ કોલની (રાત્રે) શા. પી.પી. સ્વામી, શા. રામ સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા સત્સંગ સભા. (૧૮) ૧૨-૧૦-૨૧ કર્મશક્તિ ખાતે સત્સંગ સભા શા. પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૧૯) ૧૬-૧૦-૨૧ મેડા ગામે સત્સંગ સભા શા. પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા. (૨૦) ૧૭-૧૦-૨૧ કરજીસણ ગામે સત્સંગ સભા શા. પી.પી. સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી, ઘનશ્યામ સ્વામી દ્વારા. (૨૧) ૧૭-૧૦-૨૧ મણીપુરા ગામે સત્સંગ સભા શા. પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે-૨ ખાતે "પર્વ"ના ઉપલક્ષમાં અખંડ ધૂન અને કીર્તન-ભક્તિ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી અ.નિ. પ.ભ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ઓળા)ના સ્મરણાર્થે પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલના યજમાન પદે 'પર્વ'ના ઉપલક્ષમાં તા. ૧૦-૧૦-૨૧ ના સવારના ૬ થી સાંજના ૬-૩૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. (બિપીન મણિભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણમાં "પર્વ"ના ઉપલક્ષમાં ધૂન**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ ખાતે આપણા પર્વ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૧-૧૦-૨૧ ના રોજ સવારના ૮ થી ૧૧ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. આ પ્રસંગે શા. સ્વા. નારાયણવલ્લભદાસજીએ કરજીસણના ગામનો મહિમા અને દંઢાવ્ય દેશના ગામોનું માહાત્મ્ય કહ્યું હતું. આ પ્રસંગના યજમાન બાબુભાઈ જોઈતારામ પટેલ (કોઠારી) અને હર્ષદભાઈ પટેલ આદિએ લાભ લીધો હતો. (કરજીસણ ગામ સમસ્ત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા અખંડ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ ધર્મકુળના આશીર્વાદથી ધમાસણા ગામે 'પર્વ'ના ઉપલક્ષમાં તા. ૧૫-૧૦-૨૦૨૧ ને શુક્રવારના રોજ સવારે ૭-૦૦ કલાકથી સાંજના ૭-૦૦ કલાક સુધી ૧૨ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન રાખવામાં આવેલ હતી. (કોઠારીશ્રી ધમાસણા)

**ધાકડી (તા. વિરમગામ) ગામે "પર્વ"ના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુર-નારણપુરા મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. સ્વામી પી.પી. સ્વામીના માર્ગદર્શન પ્રેરણાથી અત્રે ધાકડી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં "પર્વ" મહામહોત્સવના ઉપલક્ષમાં સર્વે ભાઈઓ અને બહેનોએ સાથે મળી કુલ ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. (કોઠારીશ્રી ધાકડી)

**ધરમપુર ગામે "પર્વ"ના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધરમપુર ગામના સર્વે હરિભક્તોએ સાથે મળી તા. ૨૫-૮-૨૧ થી તા. ૨૫-૯-૨૧ દરમ્યાન "પર્વ" મહામહોત્સવના ઉપલક્ષમાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૦૦ કલાકની ધૂન કરીને મંત્ર લેખન નોટબુકમાં લેખન કાર્ય કર્યું હતું. (કોઠારીશ્રી તથા ધરમપુર ખાખરિયા સત્સંગ મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ દ્વારા "પર્વ" અંતર્ગત ધાર્મિક પ્રવૃતિઓ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામીના માર્ગદર્શનથી બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આપણા "પર્વ" મહામહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ પ્રવૃતિઓ.

તા. ૨૫-૯-૨૧ કાલુપુર મંદિરમાં આયોજીત ૨૦૦ કલાકની ધૂનમાં સંત-હરિભક્તો જોડાયા. અત્રે દર શુક્રવારે મહંત સ્વામીની પ્રેરણાથી ગરીબ પરિવારોને ખીચડી વિતરણ તા. ૩૦-૯-૨૧ થી તા. ૬-૧૦-૨૧ દરમ્યાન બોપલ મંદિરમાં રાત્રીય પારાયણમાં આપણા મુખ્ય નંદ સંતોનું જીવન કવન આધારિત કથાનું રસપાન મહંત સ્વામી ધ્યાનપ્રિયદાસજીએ કરાવ્યું હતું. જેના યજમાન અ.નિ.પ.ભ. ગોવિંદભાઈ ખીમજીભાઈ અને પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ પરિવાર તથા બોપલ મહિલા મંડળ અને હરિભક્તોએ લાભ લીધો હતો. (પ્રવિણભાઈ ઉપાધ્યાય - બોપલ)

**"પર્વ" મહામહોત્સવના ઉપલક્ષમાં મહાદેવનગર જડેશ્વર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૨૦૦ કલાકની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર (બહેનોનું) માં આપણા 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની મહામંત્ર ધૂન અને ૨૦૦ વચનામૃત પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે ત્રિદિનાત્મક પારાયણ (હવેલીના) સાંખ્યયોગી બહેનો દ્વારા થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને ખીચડી ઉત્સવ કરી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આજુબાજુના અનેક વિસ્તારના બહેનોએ પણ લાભ લીધો હતો. (જડેશ્વર મંદિર મહિલા મંડળ)

**લાલોડા ધામે 'પર્વ'ના ઉપલક્ષમાં ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (તા. ઈડર) ખાતે આપણા 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૦-૧૦-૨૧ રવિવારના સવારના ૯ થી બપોરના ૩ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. જેમાં ગામના અને આજુબાજુના ગામના હરિભક્તો અને ઈડર અને સાપાવાડા મંદિરના મહંત સ્વામી સંત-મંડળ સાથે પધાર્યા હતા. સૌને ધૂનની પૂર્ણાહુતિ બાદ પ્રસાદ જમાડવામાં આવેલ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. (સ્વામી બાલકૃષ્ણદાસજી)

**નવા વાડજ મંદિર દ્વારા આદરજમાં અન્નકૂટોત્સવ**

પૂજ્ય ભક્તિમાતાના પ્રાકટ્યદિન કારતક સુદ-૧૫ તા. ૧૯-૧૧-૨૦૨૧ ના રોજ નવા વાડજ ભક્તિ મંડળ દ્વારા શ્રીહરિના અતિ અલૌકિક મહાપ્રસાદીભૂત આદરજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સૌ બહેનોએ ભક્તિ ભાવથી ઘરેથી શુધ્ધ અને પવિત્રપણે બનાવેલ વિધવિધ અન્નકૂટ ઠાકોરજીને ધરાવ્યો હતો. ત્યાં સેવા પૂજા કરતા પૂ. રામ સ્વામીએ આદરજનો મહિમા માહાત્મ્ય સૌ હરિભક્તોને કથાના રૂપમાં કહ્યું હતું. (ભક્તિ મંડળ નવા વાડજ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા**

શ્રી સ્વામિનારાયણ મંદિર નાલંદા-૨ મોડાસામાં તા. ૧૫-૧૧-૨૧ ના રોજ તુલસી વિવાહ ઉજવાયો. શ્રી ઘનશ્યામ મહિલા મંડળે અથાગ સેવા કરી હતી. સૌએ દર્શનનો સુંદર લાભ લીધો હતો. વર પક્ષના યજમાન હર્ષાબેન ડી. પટેલ, કન્યાપક્ષના યજમાન સ્વીટીબેન એન. પટેલ રહ્યા હતા. (કે.બી. પ્રજાપતિ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**"પર્વ" મહોત્સવના ઉપલક્ષમાં મેમકા ગામે પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ મૂળી મંદિરના વયોવૃધ્ધ સંત પૂજ્ય સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ દેશના પ્રસાદીભૂત મેમકા ગામે શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ્વા. સત્સંગસાગરદાસજીના વક્તા પદે સંગીતના સૂર સાથે સંપન્ન થઈ હતી. ઘણાજ લોકોએ વ્યસનનો ત્યાગ કરી નિર્વસની બનવાના નિયમ લીધા હતા. સભા સંચાલન નિત્યપ્રકાશ સ્વામીએ સંભાળ્યું હતું. ગામના તમામ ભક્તજનોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. (મેમકા સત્સંગ સમાજ વતી કનુભાઈ પટેલ)

**ધ્રાંગધ્રા (હળવદ રોડ) મંદિરમાં "પર્વ" નિમિત્તે ૨૦૦ કલાકની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા તથા આશીર્વાદથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના રાજીપાથી ધ્રાંગધ્રા હળવદ રોડ ઉપર આવેલા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન યોજવામાં આવી હતી. જેમાં અત્રેના સાં.યો. કંચનબા આદિ બાઈઓ અને હજારો બહેનોએ ધૂનમાં લાભ લીધો હતો. (અનિલભાઈ - ધ્રાંગધ્રા)

**હરિપર (તા. ધ્રાંગધ્રા) ગામે "પર્વ"ના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મૂળી દેશના હરિપર ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વે ભાઈઓ ને બહેનોએ સાથે મળી આપણા 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. (અનિલભાઈ - ધ્રાંગધ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (જૂના ટાવરવાળું) સપ્તાહ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી હળવદ (જુના ટાવરવાળું) શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શા. સ્વામી ભક્તિનંદનદાસજીના વક્તાપદે પિતૃ માસમાં રાત્રીય શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજવામાં આવી હતી. આ પ્રસંગે આપણા 'પર્વ' મહામહોત્સવની પણ રૂપરેખા સૌને સમજાવી હતી. (દૂધરેજીયા અનિલભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાંકાનેરમાં "પર્વ" મહામહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ પ્રવૃતિ**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ તથા મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા વાંકાનેર મંદિરમાં સેવા પૂજા કરતા શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી પર્વના ઉપલક્ષમાં અત્રે વાંકાનેર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૬-૧૦-૨૧ ના રોજ રાત્રે ૯-૩૦ થી ૧૨-૩૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન, કીર્તન આદિ સૌ હરિભક્તોએ સાથે મળી કર્યા હતા. (જે.કે. સ્વામી - વાંકાનેર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (તા. ચૂડા) ૧૦૮ મો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૦૮ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. ઠાકોરજીને અન્નકૂટ આદિ થયા હતા. લીંબડીથી સાંખ્યયોગી બાઈઓએ બહેનોને કથા વાર્તાનો લાભ આપ્યો હતો. (કોઠારીશ્રી કારોલ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સિડની (ઓસ્ટ્રેલીયા)**

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીવાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સિડની બ્લેકટાઉન **ISSO** ખાતે દિવાળી ૨૦૨૧ નો ઉત્સવ ખૂબ જ ધામધૂમ થી ઉજવાયો હતો

૪ મહિનાના લાંબા **LOCKDOWN** બાદ કોવિડ -૧૯ ના પ્રતિબંધો હળવા થતા મંદિરના સર્વે ભાઈઓ તથા બહેનોએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક શ્રી હરિકૃષ્ણ મહારાજનો અન્નકૂટ તૈયાર કર્યો હતો અને હજારો ની સંખ્યામાં સિડની ના હરિભક્તો એ દર્શન નો લાભ લીધો હતો.

મંદિરમાં ૦૨.૧૧.૨૦૨૧ના રોજ લક્ષ્મીપૂજન, ૦૩-૧૧-૨૦૨૧ના રોજ કાળી ચૌદશ, શ્રી હનુમાનજીનું પૂજન થયું હતું.

તા. ૦૪-૧૧-૨૦૨૧ના રોજ દિવાળી ના દિવસે વહેલી સવારે હાટડી ના દર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું અને સાંજે ચોપડા પૂજન માં મોટી સંખ્યામાં હરિ ભક્તો જોડાયા હતા. રાત્રે મંદિર ના બાળકો માટે **FIRWORKS** નો ઉત્સવ યોજાયો હતો.

તા. ૦૫-૧૧-૨૦૨૧ના સવારે ૧૦ વાગ્યે અન્નકૂટ ની આરતી થઈ હતી.

અન્નકૂટ ના દર્શન આખો દિવસ થયા બાદ સાંજે ૭ વાગે ફરી થી અન્નકૂટ ની મહા આરતી યોજવામાં આવી હતી જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. કોવિડ ગાઈડ લાઈનનું સતત ધ્યાન રાખ્યું હતું. (સિડની થી લી. પ્રિતેશ કેશવ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ભાદરવા સુદ-૨** અ.નિ. હેમલતાબેન શાંતિભાઈ ચૌહાણ (નડીયાદ), પ.ભ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), સાં.યો. કેસરબાઈ તથા મંજુબેન રતીલાલ વરસાણી (ભક્તિનગર-કચ્છ), અ.નિ. પ્રેમબાઈ કાનજી પૂંજાણી (ભક્તિનગર-કચ્છ), અ.નિ. પ્રેમજી ધનજી ભંડેરી (સુખપર-કચ્છ). **ભાદરવા સુદ-૩** અ.નિ. અમરબાઈ શામજી વિરાણી (ગોધરા-કચ્છ), પ.ભ. પ્રેમજી શામજી વેકરીયા તથા ધનબાઈ પ્રેમજી (રામપર વેકરા-કચ્છ). **ભાદરવા સુદ-૪** પ.ભ. ભરતભાઈ એમ. પટેલ (ગાંધીનગર), પ.ભ. કીર્તિકુમાર ઘનશ્યામભાઈ પટેલ (વિહારવાળા), પ.ભ. ચૌહાણ મંજુલાબેન રસિકલાલ (કાંકરિયા). **ભાદરવા સુદ-૫** અ.નિ. કાંતિભાઈ ભગવાનદાસ સોની. **ભાદરવા સુદ-૬** પ.ભ. સોની શર્મિલાબેન અશ્વિનભાઈ (અમદાવાદ), પ.ભ. સોની કુંજ દર્શનભાઈ (અમદાવાદ), પ.ભ. ભાવસાર ઉષાબેન રશ્મિકાંત (અમદાવાદ), પ.ભ. પટેલ ઉષાબેન મુકેશકુમાર (અમદાવાદ), પ.ભ. ક્યાડા હિંમતભાઈ મુળજીભાઈ (નિકોલ), અ.નિ. હિંમતભાઈ નારાયણદાસ ઠક્કર (અમદાવાદ), અ.નિ. સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી (અંકલેશ્વર), પ.ભ. કનુભાઈ હરિભાઈ વેકરીયા (જીવરાજપાર્ક), પ.ભ. મુળજીભાઈ છગનભાઈ રામાણી (નવા સુદામડા). **ભાદરવા સુદ-૭** પ.ભ. હરજીભાઈ વિશ્રામભાઈ દેવજીભાઈ પિંડોરીયા (સરલી-કચ્છ), અ.નિ. શામજી વસ્તા કેરાઈ (નારાયણપર-કચ્છ), પ.ભ. પ્રેમબાઈ કેરાઈ (નારાયણપર-કચ્છ), અ.નિ. પ્રેમબાઈ શિવજી જીણા કેરાઈ (નારાયણપર-કચ્છ), અ.નિ. મનજી નાથા સેંઘાણી (નારાયણપર-કચ્છ), અ.નિ. રાધા કરશન પિંડોરીયા (નારાયણપર-કચ્છ), અ.નિ. વાઘજી કરશન પિંડોરીયા (નારાયણપર-કચ્છ). પ.ભ. મગનભાઈ ચૌધરી (વાલી-રાજ.). **ભાદરવા સુદ-૮** અ.નિ. ધવલ ભગવાનદાસ સીંગાળા (મુંબઈ), પ.ભ. રાધાબેન વેલજી હિરાણી (માનકુવા-કચ્છ), પ.ભ. ધનબાઈ કરશન વરસાણી (ભારાસર-કચ્છ). **ભાદરવા સુદ-૧૧** અ.નિ. ધનલક્ષ્મીબેન માણેકલાલ ભાવસાર (સરસપુર). **ભાદરવા સુદ-૧૨** પ.ભ. સોમીબેન વિષ્ણુલાલ મણીલાલ પટેલ (થલતેજ), અ.નિ. રતનબેન ખીમજીભાઈ ચૌહાણ (નડીયાદ), પ.ભ. તીર્થ કૈલાશબેન પટેલ (અમદાવાદ), અ.નિ. સમતાબેન છગનભાઈ કાનાણી, જયરામભાઈ કાનાણી (અમદાવાદ), પ.ભ. કૈલાશબેન ઘનશ્યામભાઈ વ્યાસ (અમદાવાદ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ગાંધીનગર), પ.ભ. ધર્મ બિન્દેશ પટેલ તથા કિયાન બિંદેશ પટેલ, (ગાંધીનગર), પ.ભ. મનજી પ્રેમજી હિરાણી (ગોધરા-કચ્છ), પ.ભ. રાધબાઈ વાલજી હિરાણી (ગોધરા-કચ્છ). **ભાદરવા સુદ-૧૨/૧૩** અ.નિ. ખીમજી કેસરા હિરાણી (માંડવી-કચ્છ), પ.ભ. પ્રેમબાઈ રવજી હાલાઈ (રામપરવેકરા-કચ્છ). **ભાદરવા સુદ-૧૪** પ.ભ. રાવજીભાઈ ડાહ્યાભાઈ પટેલ (ચાંદખેડા), પ.ભ. પટેલ જીતેન્દ્રભાઈ મનજીભાઈ (જૂના ઘનશ્યામગઢ), પ.ભ. નયનકુમાર દશરથભાઈ પટેલ (ડુંગરી), પ.ભ. મુકેશભાઈ માણેકલાલ પટેલ (ડાંગરવા), અ.નિ. મેઘજીભાઈ કાનજીભાઈ સાંખલા (નડીયાદ), એક હરિભક્ત (ઝુંડાલ), પ.ભ. ખખ્ખર જયંતીલાલ ઓધવજીભાઈ (મોરબી), પ.ભ. દિલીપભાઈ ઠક્કર (દિયોદર). **ભાદરવા સુદ-૧૫** અ.નિ. પુરીબેન ખીમજીભાઈ ભગત (મોરબી), શ્રી નરનારાયણ સત્સંગ મંડળ (ભાભર).

**ભાદરવા વદ-૧** અ.નિ. રાવજીભાઈ મણીભાઈ પટેલ (કુબડથલ), અ.નિ. પાટીદાર સવજીભાઈ વિશ્રામભાઈ (કુક્ષી-એમ.પી.), અ.નિ. સ.ગુ. સ્વા. ધર્મનંદનદાસજી, અ.નિ. સ્વામી ભગવતપ્રકાશદાસજી (ઉના), અ.નિ. રમણભાઈ બકોરભાઈ પટેલ (સાબરમતી), અ.નિ. જાગાણી બાલુભાઈ પરસોતમભાઈ (અમદાવાદ). **ભાદરવા વદ-૨** અ.નિ. સોની વાડીલાલ વ્રજલાલ (ઈસનપુર), પ.ભ. પટેલ રતીભાઈ ખીમજીભાઈ (મેડાવાળા), પ.ભ. શિવજી લાલજી હિરાણી (મિરજાપર-કચ્છ), પ.ભ. ગીતાબેન મહેશભાઈ પટેલ (અમદાવાદ). **ભાદરવા વદ-૩** અ.નિ. વિનુભાઈ ઈશ્વરભાઈ પટેલ (ઝુંડાલ), અ.નિ. વલ્લભભાઈ ભુરાભાઈ નસિત (અમદાવાદ), અ.નિ. ભીખાભાઈ અંબાલાલ ભાવસાર (સરસપુર), પ.ભ. અરવિંદભાઈ અંબાલાલ પટેલ (કપડવંજ), પ.ભ. પટેલ બિપીનભાઈ ઈશ્વરભાઈ (વાવોલ), પ.ભ. વાડીભાઈ કાલીદાસ પટેલ (ગુલાબપુરા), પ.ભ. મનુભાઈ નરસીભાઈ રાઠોડ (રામપુરા), અ.નિ. પટેલ કાંતિલાલ ચુનીલાલ (કડી), પ.ભ. પટેલ દશરથભાઈ પ્રહલાદભાઈ (અમદાવાદ), અ.નિ. પ્રકાશભાઈ રમેશભાઈ પટેલ (કુબડથલ), અ.નિ. સિલ્કીબેન બિંદેશભાઈ પટેલ (ગાંધીનગર), સાં.યો. સીતાબા વાલજી (મેધપર-કચ્છ). **ભાદરવા વદ-૪** પ.ભ. વાસ્તવ ગીરીશચંદ્ર એસ. (અમદાવાદ), અ.નિ. શામજીભાઈ છગનભાઈ શેલડીયા (બાપુનગર), અ.નિ. ધીરૂભાઈ હિરાભાઈ પટેલ (આકરૂંદ), પ.ભ. મણીલાલ રામજીભાઈ ચૌધરી (સમૌ), પ.ભ. ભગવાનજીભાઈ પ્રાગજીભાઈ ચૌહાણ (સુરત). **ભાદરવા વદ-૫** અ.નિ. સવિતાબેન બાબુભાઈ દેસાઈ (બાપુનગર), અ.નિ. ચિમનભાઈ મુલચંદભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. અરવિંદભાઈ દોંગા (અમદાવાદ), અ.નિ. પ્રભુદાસ લલ્લુભાઈ પટેલ (ઝુંડાલ), અ.નિ. મૂળજીભાઈ મોવતાભાઈ પટેલ (આકરૂંદ), પ.ભ. પટેલ મગનભાઈ રત્નાભાઈ (જસમતપુર), અ.નિ. ગીરીશભાઈ પટેલ (સાબરમતી), અ.નિ. રાધાબાઈ કાનજી ભાણાણી (બળદીયા-કચ્છ). **ભાદરવા વદ-૬** પ.ભ. સંજયભાઈ નંદલાલ (અમદાવાદ), પ.ભ. રૂખીબેન કાનજીભાઈ પટેલ (દેવપુરા). **ભાદરવા વદ-૭** અ.નિ. શંકરલાલ નારણદાસ પટેલ (કોઠા), અ.નિ. મુલચંદભાઈ નથુદાસ ભાવસાર (અમદાવાદ), અ.નિ. ચિમનભાઈ બેચરભાઈ પટેલ (સાબરમતી). **ભાદરવા વદ-૮** પ.ભ. પ્રજ્ઞાબેન પ્રકાશભાઈ ભાવસાર (મહેસાણા), અ.નિ. ભરતભાઈ રમણલાલ ભાવસાર (સરસપુર), અ.નિ. રમણલાલ નારાયણદાસ શાહ (અમદાવાદ), પ.ભ. જીવરાજભાઈ ઠાકરસીભાઈ બારેવડીયા (પચ્છમ), પ.ભ. પોપટલાલ વેલજીભાઈ ચૌધરી (સોલૈયા), અ.નિ. વિરજી પ્રેમજી ભુડીયા (સુરજપર-કચ્છ). **ભાદરવા વદ-૯** અ.નિ. કિશોરચંદ્ર ગોપાલજીભાઈ ઓઝા (અમદાવાદ), અ.નિ. પ્રેમીલાબેન ઘનશ્યામભાઈ કાછીયા (બાલાસિનોર), અ.નિ. બાબુભાઈ રામજીભાઈ ગાબાણી (સુરત), પ.ભ. રામજી દેવજી કેરાઈ, નલીનાબેન રામજી કેરાઈ (બળદીયા-કચ્છ), પ.ભ. પ્રવિણભાઈ ત્રિભોવનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ધીરજ ધનજી રાબડીયા (વાડાસર-કચ્છ), પ.ભ. સુરેશભાઈ શીવજી રાબડીયા (માંડવી-કચ્છ). **ભાદરવા વદ-૧૦** અ.નિ. બાબુભાઈ મનજીભાઈ કથીરીયા (નિકોલ), પ.ભ. કરશનભાઈ કાનજીભાઈ રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. ભાવનાબેન પરેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પટેલ કાંતિભાઈ ચંદુભાઈ નવીનભાઈ (મોખાસણ), પ.ભ. રામબાઈબેન રતનસિંહભાઈ ભાવાણી (ઈન્દૌર). **ભાદરવા વદ-૧૧** અ.નિ. ધનલક્ષ્મીબેન માણેકલાલ ભાવસાર (સરસપુર), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ધર્મ બિંદેશભાઈ પટેલ તથા કિયાન બિન્દેશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પટેલ લીલાબેન ગોરધનભાઈ (ઓઢવ), પ.ભ. રાઠોડ વિજયભાઈ

ઘનશ્યામભાઈ (અમદાવાદ), પ.ભ. દરજી તેજેન્દ્ર અશોકભાઈ, પ.ભ. જયંતીભાઈ રામદાસભાઈ પટેલ (વડુ) **ભાદરવા વદ-૧૨** અ.નિ. ભીમજીભાઈ મેઘજીભાઈ ડોબરીયા (નિકોલ), પ.ભ. પટેલ હિરાભાઈ જેઠાભાઈ (બાયડ), પ.ભ. લલીતાબેન ચિમનભાઈ અમથાભાઈ (ઝૂંડાલ), પ.ભ. જીવરાજભાઈ નાનજીભાઈ (પરવાળા), પ.ભ. અંકિતભાઈ ગજેરા (અમદાવાદ), પ.ભ. મુકુંદભાઈ રેવાભાઈ પટેલ (બાયડ), પ.ભ. ગોમતીબેન સોમાભાઈ (જરવલા), પ.ભ. ડૉ. ધારા મંથન પટેલ (અમદાવાદ), પ.ભ. ચંદ્રેશ વિઠ્ઠલાણી (મુંબઈ), પ.ભ. ભક્તિભાઈ મગનભાઈ પટેલ (ડાંગરવા). **ભાદરવા વદ-૧૩** પ.ભ. પટેલ કાંતાબેન પ્રહલાદભાઈ (ડાંગરવા), અ.નિ. મહેન્દ્રભાઈ મૂળજીભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. મહેન્દ્રકુમાર નાગરદાસ પટેલ (ગાંધીનગર), પ.ભ. નિવ આર્જવ પરીખ (અમદાવાદ), પ.ભ. રમીલાબેન પ્રવિણભાઈ પટેલ (ઈટાદરા), પ.ભ. વિજય વાસુદેવભાઈ ગજ્જર (અમદાવાદ), પ.ભ. ચૌધરી નારાયણભાઈ શીવાભાઈ (બાલવા), અ.નિ. રણછોડભાઈ હિરાભાઈ પટેલ (હિંમતનગર). **ભાદરવા વદ-૧૪** પ.ભ. ભૂપેન્દ્રભાઈ નટવરભાઈ પટેલ (કુબડથલ). **ભાદરવા વદ-૩૦** પ.ભ. ઈલાબેન નરેન્દ્રભાઈ ચોકસી (અમદાવાદ), પ.ભ. નાનુભાઈ રવજીભાઈ ધેલાણી (નિકોલ), અ.નિ. જટાશંકર પોપટલાલ શાહ (અમદાવાદ), પ.ભ. જેઠાલાલ ધનજી સવાણી (કેરા-કચ્છ), અ.નિ. દિનકરરાય ત્રિકમલાલ આચાર્ય (અમદાવાદ), પ.ભ. ડોડીયા ગીતાબેન કિશોરભાઈ (નિકોલ), પ.ભ. ચોટલીયા વાઘજીભાઈ મનજીભાઈ (જૂનાગઢ).

**આસો સુદ-૧** પ.ભ. કૌશલેન્દ્ર વિક્રમભાઈ પટેલ (અસલાલી). **આસો સુદ-૨** અ.નિ. સુનિલકુમાર પોપટભાઈ પટેલ (ધમાસણા), અ.નિ. રતનબાઈ હરજી રાબડીયા (માંડવી-કચ્છ). **આસો સુદ-૩/૪** પ.ભ. મનન મુકુંદભાઈ પૂજારા (અમદાવાદ), પ.ભ. પ્રવિણભાઈ વી. એમ. પટેલ, શોભનાબેન વી. (વડલા), અ.નિ. કરશન ધનજી રાબડીયા (વાડાસર-કચ્છ), અ.નિ. કલ્યાણભાઈ રામજીભાઈ વેકરીયા (રામપુરા). **આસો સુદ-૫** અ.નિ. ચમનભાઈ છનાભાઈ (ચૈનપુર), પ.ભ. ચોકસી મનીષભાઈ જીતુભાઈ (અમદાવાદ), પ.ભ. મહેન્દ્રભાઈ શિવદાસ (ભાઉપુરા), પ.ભ. હંસાબેન નંદુભાઈ પટેલ (પોરવાળા-અમદાવાદ), અ.નિ. હરજીભાઈ બબાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રિકીન નરેશકુમાર ઠક્કર (અમદાવાદ), પ.ભ. ઠક્કર ગીતાબેન કનુભાઈ (દિયોદર), પ.ભ. જયંતીભાઈ પટેલ (કરજીસણ). **આસો સુદ-૬** અ.નિ. શાંતાબેન બાબુલાલ સોની (વડોદરા), પ.ભ. રમેશભાઈ જયરામભાઈ વઘાસીયા (સુરત), પ.ભ. ખીમજીભાઈ નાથાભાઈ વાઘજીયાણી (કેરા-કચ્છ), અ.નિ. પ્રેમજી મેઘજી ગોરસીયા (મિરજાપર-કચ્છ). **આસો સુદ-૭** પ.ભ. ખીમજી નાથા વાઘજીયાણી (કેરા-કચ્છ), એક હરિભક્ત (કચ્છ-ભુજ). **આસો સુદ-૮** અ.નિ. સતીષભાઈ હરિભાઈ પટેલ (મેથાણ). **આસો સુદ-૯** પ.ભ. પટેલ કેતનભાઈ નટવરભાઈ (મરતોલી), પ.ભ. મોરસીયા હાર્દિકભાઈ પરસોતમભાઈ (રતનપર), અ.નિ. શિવજી કાનજી હિરાણી (માનકુવા-કચ્છ). **આસો સુદ-૧૦** પ.ભ. વાસ્તવ ગીરીશચંદ્ર એચ. (ભક્તિનગર), પ.ભ. દેવજી કુરજી હિરાણી, પ.ભ. વરસાણી મનસુખ કાનજી (ભારાસર-કચ્છ), અ.નિ. ડાહીબેન પૂંજાભાઈ પટેલ (વિરાવાડા), પ.ભ. વિનોદભાઈ જોઈતારામ પટેલ (ગુલાબપુરા). **આસો સુદ-૧૧** પ.ભ. રૂદ્ર આશિષ ભાવસાર (સરસપુર), પ.ભ. કિરણભાઈ અરવિંદભાઈ નારાયણદાસ પટેલ (કરજીસણ). **આસો સુદ-૧૨** રામભાઈ મોહનભાઈ પટેલ (હિંમતનગર), પ.ભ. રમણીકભાઈ મૂળજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. જસુભાઈ કમાભાઈ (રાણીપ), પ.ભ. વેકરીયા બાલુભાઈ ભીમજીભાઈ (નિકોલ), પ.ભ. પટેલ ભગવાનભાઈ વિઠ્ઠલદાસ (અમદાવાદ), પ.ભ. પટેલ ચંદુભાઈ ધનજીભાઈ (અમદાવાદ), પ.ભ. ચૌધરી આકાશભાઈ વિષ્ણુભાઈ (ઈશ્વરપુરા) પ.ભ. ચિરાગ નરેન્દ્રભાઈ (સાણંદ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ધર્મ બિંદેશ પટેલ, કિયાન બિંદેશ પટેલ (ગાંધીનગર) **આસો સુદ-૧૪** અ.નિ. ભૂપેશભાઈ ગોવિંદભાઈ હાલાઈ (માધાપર-કચ્છ), પ.ભ. રસીલાબેન રજનીભાઈ (સુરત), અ.નિ. રાધાબાઈ કાનજી ખીમજી વેકરીયા (બળદીયા-કચ્છ). **આસો સુદ-૧૫** મોદી નવીનચંદ્ર મણીલાલ (વડનગર), પ.ભ. હસુમતીબેન ઘનશ્યામભાઈ ઝાંઝરકીયા (અમદાવાદ), શ્રી સ્વામિનારાયણ મંદિર (નિકોલ), અ.નિ. મોદી પુરૂષોત્તમદાસ અમરતદાસ (નરોડા).


**આસો વદ-૩** પ.ભ. રેખાબેન ભરતભાઈ (થલતેજ), પ.ભ. વાલબાઈ વિસરામ નાથાણી (બળદીયા-કચ્છ). **આસો વદ-૪** પ.ભ. ચૌહાણ ખુમાનસિંહ હેમાજીભાઈ (ટાંકીયા), પ.ભ. પ્રહલાદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મંજુલાબેન જસવંતલાલ પટેલ (કુબડથલ), પ.ભ. નિલકંઠભાઈ એમ. પટેલ (સેટેલાઈટ), અ.નિ. સાં.યો. કમળાબાની સ્મૃતિ અર્થે (સુરેન્દ્રનગર). **આસો વદ-૫** અ.નિ. શકરીબેન શંકરદાસ પટેલ (ચડાસણા), પ.ભ. હિરાણી માનબાઈ વિશ્રામ (મિરઝાપર-કચ્છ), પ.ભ. નાનુબેન રતનસિંહ (મોરબી), પ.ભ. ધિરેનભાઈ અનંતરાય કામદાર (પોરબંદર). **આસો વદ-૬** હરિશકુમાર એસ. વરસાણી (અમદાવાદ), પ.ભ. ઈશાબેન ગાંડાભાઈ પૂંજલદાસ પટેલ (કરજીસણ), અ.નિ. જમનાદાસ ઠાકરસીભાઈ પાટડીયા (રાજકોટ), પ.ભ. રમણભાઈ ઈશ્વરભાઈ પટેલ (અમદાવાદ). **આસો વદ-૭** પ.ભ. રશ્મિકાંત મસ્કી પરિવાર (અમદાવાદ). **આસો વદ-૮** અ.નિ. જગદીશભાઈ ખીમજીબાઈ વડગામા (માથકવાળા), પ.ભ. લાભુબેન પટેલ (અમદાવાદ). **આસો વદ-૧૦** પ.ભ. હર્ષદભાઈ લાલભાઈ પટેલ (શિલજ), પ.ભ. ચંદુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (નિકોલ), પ.ભ. હરેશ નારણ જેસાણી (બળદીયા-કચ્છ), અ.નિ. સોમદાસ માધવદાસ પટેલ (વડુ), પ.ભ. ઘનશ્યામભાઈ અંબાલાલ શેલત (અમેરિકા). **આસો વદ-૧૧** અ.નિ. માણેકલાલ વિઠ્ઠલદાસ ભાવસાર (સરસપુર). **આસો વદ-૧૨** પ.ભ. લીલાબેન ગોવિંદભઈ સોમાભાઈ પટેલ (મોખાસણ), પ.ભ. જયનિત પંકજભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. વિમલભાઈ રાજેશભાઈ પટેલ (મહાદેવનગર), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ધર્મ બિંદેશ પટેલ તથા કિયાન બિન્દેશ પટેલ (ગાંધીનગર), પ.ભ. પ્રફુલભાઈ પરસોતમભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હરગોવિંદભાઈ નાનજીભાઈ (વિસતપુરા), પ.ભ. કિશોરભાઈ ભીખાભાઈ કૈયાડા (નિકોલ), અ.નિ. કનુભાઈ વેલજીભાઈ ચૌધરી (ચરાડા). **આસો વદ-૧૪** પ.ભ. સ્નેહાબેન જતીનભાઈ ગજેરા (અમદાવાદ), પ.ભ. મુકુંદભાઈ શકરચંદ ભાવસાર (અમદાવાદ). **આસો વદ-૩૦** પ.ભ. જે. કે. ચીનારાણા (નખત્રાણા-કચ્છ)

---

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



શિકાગો અન્નકૂટ



નારણપુરા અન્નકૂટ



ન્યુયોર્ક ચેસ્ટર અન્નકૂટ



કોટા અન્નકૂટ દર્શન



શીયળ મુવાડી ગામે પાટોત્સવ સભા



નારણઘાટ મંદિર શરદોત્સવ



છપિયા માં વંચિતોને છત્રી તથા સાબુનું વિતરણ





અમદાવાદ રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા અન્નકૂટ દર્શન





દેવ પ્રબોધિની એકાદશીના રાત્રે
શ્રી નરનારાયણદેવ સમક્ષ
પાંચ આરતી અને ઓચ્છવ મંડળ
દ્વારા સંપૂર્ણ રાત્રી ઓચ્છવ



ગામડી ગામે શાકોત્સવ પ્રસંગે
ઠાકોરજીની આરતી ઉતારતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી



પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનો ૪૯મો પ્રાકટ્યોત્સવ

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર,
અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ

# પર્વ

## ૨૭ ફેબ્રુઆરી થી
## ૫ માર્ચ ૨૦૨૨

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકશો.
htpp://www.swaminarayan.in/donation

Registered under RNI is - GUJ GUJ/2007/20221 * Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023

Praful Kharsani